સુવિચાર

''આપણા પડછાયા પાસેથી પણ આપણે જીવતા શીખવાનું છે, ક્યારેક મોટા થઈને તો ક્યારેક નાના થઈને''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા) માણેકપરા, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૪/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ ચૈત્ર વદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૧૦૨

પાલિકાની ચૂંટણી નજીકમાં હોવા છતાં પણ તંત્રને કોઈ શરમ નથી

અમરેલીમાં રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર શૌચાલયોની સમસ્યા

છેલ્લા પાંચ વર્ષથી શહેરમાં ભાજપનું શાસન છતાં ગત ચૂંટણીમાં આપેલ મોટાભાગનાં વચનો પોકળ સાબિત

પૂનઃ સત્તા પક્ષનાં ઉમેદવારો શહેરી મતદારોને હથેળીમાં ચાંદ બતાવવા મેદાનમાં ઉતરશે

પાલિકાથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન અને જનતાને પ્રાથમિક સુવિધા પણ ન મળે તે કેવું કહેવાય

શહેરનાં ૮૦ હજાર જેટલા મતદારો રોજબરોજનાં પ્રશ્નોને ધ્યાને રાખીને મતદાન કરે તો સત્તા પક્ષને પરસેવો વળી જશે

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં દોઢ લાખ શહેરીજનોછેલ્લાપાંચવર્ષથીમાર્ગઉપર રખડતાપશુઓ,હવામાંઉડતાતાલીમી વિમાનો,બેફામગંદકી,બંધસ્ટ્રીટલાઈટ, વિકરાળ ટ્રાફિક સમસ્યા, ઠેર-ઠેર ઉભરાતી ભૂગર્ભ ગટર, પાલિકામાં ચાલતાં ભ્રષ્ટાચાર, અનિયમિતતા, જાહેરશૌચાલયનીનર્કાગારજેવીહાલત સહિતની અગણિત સમસ્યાઓથી પીડિત છે તે સમયે પાલિકાની ચૂંટણી આવી પહોંચી છે અને સત્તા પક્ષનાં ઉમેદવારો ક્યાંમોઢેમત માંગવાજશેતે જોવું રસપ્રદ રહેશે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, સત્તા પક્ષનો આત્મવિશ્વાસ એટલો બધો મકકમ છે કે ભલે અમે પાંચ વર્ષ પહેલાઆપેલઅનેકવચનોપાળીશકયા નથી છતાં પણ શહેરીજનો પૂનઃ અમને જસત્તાનું સુકાન સોંપશે. કારણ કે અન્ય કોઈ વિકલ્પ જ નથી.

જો શહેરનાં ૮૦ હજાર મતદારો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાંનામે નહિ પરંતુ, ઉપરોકત પ્રકારનાં અણઉકેલપ્રશ્નોનેલઈનેમતદાનકરેતો સત્તાપક્ષનાંઉમેદવારોનેવિજેતાથવામાં પરસેવો વળી જશે તેવું ચોકકસ માની શકાય તેમ છે. જોઈએ હવે, શહેરી મતદારોરાષ્ટ્રીય,આંતરરાષ્ટ્રીયકેપછી જાતિ, જ્ઞાતિનાંઆધારે મતદાન કરે છે કેરોજબરોજનાંપ્રશ્નોનેલઈનેમતદાન કરે છે.

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વા (દુખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જગ્યાએથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

રર કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,37,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ કીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ સુરમાનાં લાડુ
શીગતેલમાં રજવાડી ઉંધીયું
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫૫

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. પિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૧૬/૦૪/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય પિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ. — હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૭/૦૪/૨૦૨૬- શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા — એન્ડોક્રાઈનોલોજીસ્ટ — ડાયાબિટીસ, થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા. ૧૮/૦૪/૨૦૨૬- શનિવારે, સવારે ૯ થી ૨
ડો. મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ — કિડની, પથરી અને વ્યંધત્વના રોગોના નિષ્ણાંત — તા. ૧૮/૦૪/૨૦૨૬- શનિવારે, સાંજે ૫ થી ૬
(જુના દર્દી રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૩૩ ૯૧૫૯૯
ડો. ડોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક. ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૮૩૩૦

નારી IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

કૃષ્ણા DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા — કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન — MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી — MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્કયુલર અને વાસ્કયુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત — લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાચરની ટીમમાંથી — ડો. સંદીપ ખેની — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા — MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ I ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

ચંદ્રમૌલી સોસાયટી, સહજાનંદનગરમાં નારાજગીનો માહોલ

સાવરકુંડલા શહેરમાં ગેસ લીકેજ શોધવાના નામે અનેક વિસ્તારોમાં ખોદકામ કરાયુ

પાલિકાની ચૂંટણીનાં સમયે જ ખોદકામ થતાં સત્તાપક્ષને મુશ્કેલી

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં ગેસ લીકેજ તપાસના કામને કારણે સ્થાનિક નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ચંદ્રમૌલી સોસાયટી અને સહજાનંદ નગર વિસ્તારોમાં ગુજરાત ગેસ દ્વારા લીકેજ શોધવા માટે છેલ્લા બે મહિનાથી સતત ખોદકામ કરવામાં આવી રહ્યું છે.

માહિતી મુજબ, ૫૦થી વધુ જગ્યાએ ખાડા ખોદવામાં આવ્યા છે, જેના કારણે રસ્તાઓ ખરાબ હાલતમાં પહોંચી ગયા છે. સ્થાનિકોનું કહેવું છે કે કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે છતાં કોઈ સ્પષ્ટ પરિણામ કે સમયમર્યાદા અંગે જવાબ આપવામાં આવતો નથી.

રહેવા લાયક વિસ્તારમાં ધૂળ, ટ્રાફિક અવરોધ અને અકસ્માતની શકયતાઓ વધી ગઈ છે, જેના કારણે રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક ઓપરેશન ટીમ તરફથી પણ યોગ્ય માહિતી કે નિરાકરણ ન મળતા લોકોમાં અસંતોષ ફેલાયો છે.

નાગરિકોએ માંગ કરી છે કે તાત્કાલિક કામ પૂર્ણ કરી રસ્તાઓની સમારકામ કરવામાં આવે અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. નહિંતર આવનારા દિવસોમાં વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

કપાસ ભરેલ ટ્રકમાં આગ ભભુકી ઉઠી

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩–૪ દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે. ત્યારે આજે બપોરનાલગભગ ૧:૩૫ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલિફોનીક જાણ કરવામાં આવેલ હતી કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લુવારીયાથી આસોદર જવાના રસ્તે એક ખેતરમાં ઊભેલાં કપાસ ભરેલા એક ટ્રકમાં કોઈપણ કારણોસર અચાનક આગ લાગવાની ઘટના બનેલ હતી. આ બનવાની જાણ અમરેલી ફાયર અને ઈમરજન્સી સર્વિસ અમરેલીની ટીમને થતાં જ ૧૨૦૦૦ લિટર પાણીની કેપેસીટી ધરાવતા એક વોટર બાઉઝર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી જઈ આગ બુજાવવાની કામગીરી કરી હતી. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થયેલ નથી. આ બનાવમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસ અમરેલીની ટીમના રૂત્વિકભાઈ ભિમાણી, હિંમતભાઈ બાંભણીયા, કમલેશભાઈ ગિલાતર તથા ધવલભાઈ ચાવડા વિગેરે જોડાયા હતાં.

ઉનાળામાં પંખા અને કુલરની ઉઠાંતરી કરી હતી

અમરેલીમાં પૂર્વ સાંસદનાં ફાર્મ હાઉસમાં હાથફેરો કરનાર ૨ આરોપીની અટકાયત

એસપીનાં માર્ગદર્શનતળે સિટી પોલીસની કામગીરી

અમરેલી, તા. ૧૩

અમરેલીના કુંકાવાવ રોડ ઉપર આવેલ પૂર્વ સાંસદનાં ફાર્મ હાઉસમાં થયેલ ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી ચોરીમાં ગયેલ મુદ્દામાલ તથા ચોરી કરવા ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ સાથે બે આરોપીઓને પકડી પાડી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. ઝાલાનામાર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ સોર્સ તથા કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ની મદદથી અમરેલી સીટી પોલીસનો બીએનએસ કલમ–૩૦૩ (૨), ૩૨૯ (૨) મુજબનો ગુન્હાને ડીટેકટ કરી આરોપી તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ સીલીંગ પંખા નંગ–૪ કિંમત રૂપિયા ૮૦૦૦, કુલર નંગ–૧ કિંમત રૂપિયા ૭૦૦૦ તથા ચોરી કરવામાં

ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૬૫૦૦૦ના મુદામાલ સાથે અમરેલી, અંબીકાનગર શેરી નં. ૬માં રહેતાં અને કેટરર્સનો ધંધો કરતાં પારસ મધુભાઈ તળાવીયા તથા હર્ષીત નરેન્દ્રભાઈ ભુવા નામનાં બે આરોપીઓને પકડી પાડેલ હતા.

આ ગુન્હાના કામે આરોપીઓ પોતે ચોરીમાં પકડાય નહી અને પોલીસને ગેરમાર્ગે દોરવા સારૂ તથા પોતાનો મલીન ઈરાદો પાર પાડવા સારૂ ચોરીમાં ઉપયોગ કરેલ મોટર સાયકલના આગળના તથા પાછળની બાજુએથી છેલ્લો આંકડો ન દેખાય તેવી રીતે નંબર પ્લેટ વાળી દિધેલ હતી અને મોટર સાયકનો ગુન્હો કરવામાં ઉપયોગ કરેલ હોવાનું સી.સી. ટી.વી. ફુટેઝ દ્વારા જણાય આવેલ હોય. જે અંગે કોર્ટમાં બનાવટી નંબર પ્લેટનો કલમ વધારો કરવા રિપોર્ટ કરવામાં આવેલ છે અને હાલ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી ચાલુમાં છે.

જિલ્લાનું સ્થાનિક રાજકારણ ગરમાયુ છે

અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીમાં ૧૫૧ ઉમેદવારીપત્રકો રદ : ૭ પરત ખેંચાયા

બુધવારે ઉમેદવારીપત્રક પરત ખેંચયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની આવનારી ચૂંટણીઓને લઈ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પુરી થતાંની સાથે જ હવે રાજકીય ગરમાવો વધી રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાઓ માટે વિવિધ પક્ષોએ પોતાના ઉમેદવારોના ઉમેદવારીપત્રો રજુ કરી દીધા છે. અને ભરાયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી.

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે જિલ્લામાં કુલ ૧ જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયત અને ૬ નગરપાલિકાઓ માટે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતની રાજકીય પાર્ટીઓના ઉમેદવારીપત્રો ભરાઈ ગયાં છે.

અમરેલી જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો ઉપર અંતિમ દિવસ સુધીમાં ૩૪ બેઠક માટે ૧૨૭ ઉમેદવારી પત્રો ભરાયાં હતાં. જયારે ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠક માટે કુલ ૬૩૯ ઉમેદવારો નોંધાયા છે. જયારે ૬ નગર પાલિકામાં કુલ ૧૮૪ બેઠક માટે ૫૫૧ મળી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કુલ ૧૩૧૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ભરાયેલ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરતાં ૧૫૧ જેટલાં ફોર્મ રદ કરવામાં આવ્યાં છે. જયારે ૭ ફોર્મ પરત ખેંચાયા છે.

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકોની ચૂંટણીમાં કુલ ૧૨૭ ઉમેદવારીપત્ર ભરાયા હતાં. ભરાયેલ તમામ ઉમેદવારીપત્રોની આજે ચકાસણી હાથ ધરતાં કુલ ૧૯ ઉમેદવારીપત્ર ટેકનિકલ કારણોસર રદ થતાં તથા ૧ ફોર્મ પરત ખેંચી લેવાતાં ૧૦૭ ફોર્મ માન્ય રહયાં છે.

જયારે અમરેલી જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠકોની ચૂંટણીમાં કુલ ૬૩૯ ઉમેદવારીપત્ર ભરાયા છે. ભરાયેલ તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરતાં કુલ ૬૯ ઉમેદવારીપત્ર ટેકનિકલ કારણોસર રદ થતાં તેમજ ૧ ફોર્મ પરત ખેંચાતાં ૫૬૯ ફોર્મ માન્ય રહયાં છે.

જયારે અમરેલી જિલ્લાની ૬ નગરપાલિકાની ૧૮૪ બેઠક માટેની ચૂંટણીમાં કુલ ૫૪૮ ઉમેદવારી પત્ર ભરાયા છે. ભરાયેલ તમામ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરતાં કુલ ૬૩ ઉમેદવારીપત્ર ટેકનિકલ કારણોસર રદ થતાં તેમજ ૫ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતાં ૪૮૩ ફોર્મ માન્ય રહયાં છે. જયારે બુધવારે બપોર સુધી ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે અને સાંજે ચૂંટણી ચિત્ર થશે સ્પષ્ટ થઈ શકશે.

ફોર્મ ચકાસણી દરમિયાન

બગસરાની તા.પં.ની સમઢીયાળા બેઠકનાં ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થયું

પાલિકામાં પણ ૫ ફોર્મ ચકાસણી દરમિયાન રદ કરાયા

બગસરા, તા. ૧૩

બગસરા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત અને નગરપાલિકાના ઉમેદવારોની ફોર્મ ચકાસણી કરવામાં આવેલ હતી ભાજપના સમઢીયાળાના ઉમેદવારનું તેમજ નગરપાલિકા વિસ્તારમાંથી એક આમ આદમી પાર્ટી તથા અપક્ષ ચાર મળી કુલ પાંચ ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા હતા.

મળેલ માહિતી મુજબ બગસરા નગરપાલિકા વિસ્તાર તથા તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની ચૂંટણીમાં રજૂ થયેલ ઉમેદવારી પત્રોની આજે ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં સમઢીયાળા તાલુકા પંચાયત સીટના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મીરાબેન ગોવિંદભાઈ ગજેરાએ મધ્યપ્રદેશ રાજયનું જાતિનું પ્રમાણપત્ર રજૂ કરેલ હતું જેની સામે કોકીલાબેન જનકભાઈ નિરંજનીના વકીલ અજયભાઈ પટોળીયાએ વાંધા અરજી રજૂ કરી ચૂંટણી પંચના તેમજ રાજય સરકારના વખતો વખતના ઠરાવો તથા સુધારા રજૂ કરી અન્ય રાજયના જાતિના આધાર પર ગુજરાત રાજયમાં અનામતનો લાભ લઈ શકાય નહીં તે પુરવાર કરતાં આખો દિવસ થયેલી

તસ્વીર : સમીર વિરાણી–બગસરા

દલીલને અંતે ચૂંટણી અધિકારી દ્વારા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર મીરાબેન ગોવિંદભાઈ ગજેરાની ઉમેદવારી રદ કરી હતી. આમ ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી પહેલા જ એક ઉમેદવાર ગુમાવી દીધા હતા.

આ ઉપરાંત નગરપાલિકા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના રફિકભાઈ સુલેમાનભાઈ માંડરીયાને ત્રણ પુત્ર હોવાથી તેમનું તેમજ અપક્ષ રહેલા નરસિંહભાઈ બેચરભાઈ વાડદોરીયા વોર્ડ નંબર ૧ આપ આદમી પાર્ટી તથા વોર્ડ નંબર ૨ માંથી અપક્ષ ઉમેદવાર હનીફભાઈ રજાકભાઈ ડાયાતર તથા અપક્ષ ઉમેદવાર વોર્ડ નં ચારમાંથી અસ્મિતાબેન હરેશભાઈ મકવાણા તથા અપક્ષ માંથી વોર્ડ નંબર ચારમાં અપક્ષ નુર મહંમદ મુસાભાઈ જીનાણી કુલ પાંચ ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યા હતા.

લોન પર લીધેલ બાઈકનાં હપ્તા બાબતે ડખ્ખો

લીલીયાનાં સનાળીયા ગામનાં રત્ન કલાકાર સહિત ૨ વ્યકિતઓ ઉપર ૬ ઈસમોનો હુમલો

પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી શરૂ કરી

અમરેલી, તા. ૧૩

લીલીયા તાલુકાના સનાળીયા ગામે આવેલ પંચદેવ મંદિરની બાજુમાં રહેતા યુવરાજભાઈ ભરતભાઈ ઢીમેચા નામનાં ૧૯ વર્ષીય રત્નકલાકારે તે જ ગામે રહેતાં આરોપી અજય ભીખાભાઈ મકવાણાના નામ ઉપર ફાઈનાન્સથી મોટર સાઈકલ લીધેલ હતી અને રત્નકલાકાર આરોપીને ફાઈનાન્સના હપ્તા ભરવા પૈસા આપતા હતા. પરંતુ આરોપી હપ્તા ભરતા ના હોય જે બાબતે રત્નકલાકાર તથા આરોપી વચ્ચે મનદુઃખ થયેલ હોય. આ મનદુઃખને લઈ સનાળીયા ગામે ખોડલ હોટલ ખાતે તા. ૧૨ના બપોરના આશરે ચારેક વાગ્યાના અરસામાં બોલાચાલી થતા આરોપીએ રત્નકલાકારને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી.

જે બાબતેની જાણ આરોપીએ પોતાના ભાઈ સાગર ભીખાભાઈ મકવાણાને કરતા તેમણે રત્નકલાકાર પાસે જઈ ગાલ પર બે ઝાપટ મારી, પતાવી દેવાની ધમકી આપેલ હતી અને થોડા સમય બાદ રત્નકલાકાર તથા મહેન્દ્રભાઈ ખોડલ હોટલ ખાતે બનાવ અંગે આરોપી સાથે સમાધાનની વાતચીત કરતા આરોપી ઉગ્ર થઈ રત્નકલાકાર તથા મહેન્દ્રભાઈ સાથે ઝપાઝપી કરી અન્ય આરોપી ત્રણ મળી ૫ આરોપીઓએ મનદુઃખ રાખી એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી જાનથી મારી નાખવાનુ ગુન્હાહીત કાવતરૂ રચી કુહાડી, લોખંડનો પાઈપ તથા લાકડાના ધોકા જેવા પ્રાણઘાતક હથીયારો મહેન્દ્રભાઈના માથાના ભાગે મારી ગંભીર ઈજા કર્યાની રત્નકલાકારે ૬ આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કોળી સમાજનાં પોપટલાલ જમોડની જબ્બરી પ્રતિષ્ઠા

ત્યો બોલો : સાવરકુંડલા પાલિકાની ચૂંટણીમાં એક વ્યકિતને ભાજપ, કોંગ્રેસ અને ''આપ''એ ટિકિટ આપી

જો કે અંતે તે વ્યકિતએ કોંગ્રેસ તરફથી દાવેદારી કરી

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સ્થાનિક ચૂંટણીની ટિકિટ મેળવવા માટે સેંકડો કાર્યકરો પોત પોતાના પક્ષમાં ટિકિટ મેળવવા માટે ધમપછાડા કરી રહ્યા હતા. તે સમયે સાવરકુંડલાનાં એક વ્યકિતને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ટિકિટ ફાળવતાં જિલ્લામાં ક્યારેય ન બની હોય તેવી નવતર ઘટના બની છે.

સાવરકુંડલાનાં કોળી સમાજનાં પોપટલાલ જમોટને ભાજપ, કોંગ્રેસ અને "આપ" એ ટિકિટ ફાળવી હતી. જેમાં પેનલમાં પસંદગીનો

ઉમેદવાર ન મળતાં પોપટલાલે ભાજપમાંથી લડવાનું માંડી વાળ્યુ અને અંતે તેમનાં પત્નીને કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી જંગમાં ઉતાર્યા છે.

એસ.પી.નાં માર્ગદર્શનતળે સિટી પોલીસનો સપાટો

અમરેલીમાં જાહેરમાં ક્રિકેટનો ઓનલાઈન સટ્ટો રમાડતા ઈસમની અટકાયત

હાઉસિંગ બોર્ડ સોસાયટી માર્ગ પરથી આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૩

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અમરેલીના સ્ટેશન રોડ, મેમણ બોર્ડીંગની સામે આવેલ હાઉસીંગ સોસાયટીમાં જવાના માર્ગ પરથી જુનાગઢ ગામે ઝાંઝરડા રોડ ઉપર આવેલ ચિત્રાસ એપાર્ટમેન્ટમાં રહેતાં આરોપી પ્રતિકભાઈ અમૃતલાલ મારડીયા નામનાં ઈસમને અત્યારે ચાલી રહેલ આઈપીએલ ક્રિકેટ મેચનો મોબાઈલ ફોનમાં ઓનલાઈન સટ્ટો રમતા રોકડ રકમ ૨૪,૪૦૦ તથા મોબાઈલ ફોન કિંમત ૬૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૮૪,૪૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ૧૨(અ) મુજબની કાર્યવાહી કરી હતી.

૯થી ૧૧ એપ્રિલ સુધીમાં બનાવ બન્યો

બાબરાનાં અમરાપરામાં બંધ રહેણાંક મકાનમાંથી ૧૬.૭૫ લાખનાં મુદ્દામાલની ચોરી

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૩

બાબરાના અમરાપરા ગામે રામજી મંદિરની બાજુમાં રહેતાં રવીભાઈ વિનોદભાઈ રાજપોપટ નામનાં ૩૫ વર્ષીય વેપારી યુવકના બંધ મકાનમાં ગત તા. ૯ થી તા. ૧૧ના રાત્રીના આશરે સાડા નવેક વાગ્યાના કોઈપણ સમયગાળા દરમ્યાન મકાનની પાછળના નવેળાના બારીનો કાચ તોડી અને બારીમાંથી હાથ નાખી અંદરથી બંધ કરેલ લાકડાના દરવાજાનું સ્ટોપર ખોલી અને અજાણ્યા આરોપી દરવાજાથી અંદર પ્રવેશ કરી બેડરૂમનો દરવાજો ખોલી રૂમમાં પ્રવેશ કરી લાકડના કબાટનો દરવાજો તોડી બહાર કાઢી નાખી અને કબાટના અંદરના ખાનાનો લોક તોડી તેમાં રહેલ સોનાના દાગીના જેમાં એક લક્કી જેનું વજન ૨૩ ગ્રામ જેની કિંમત રૂપિયા ૩,૧૮,૫૫૦, એક વીંટી જેનું વજન ૮ ગ્રામ જેની આશરે કિંમત રૂપિયા ૧,૧૦,૮૦૦, એક બ્રેસલેટ જેનું વજન ૮ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧,૧૦,૮૦૦ તથા પાંચ પેન્ડલ જેનું વજન આશરે ૧૫ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨,૦૭,૭૫૦, સોનાની ગીની આશરે ૮ થી ૧૦ નંગ જેનું આશરે વજન ૪૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૬,૧૭,૧૨૦ જે સોનાના દાગીનાનો કુલ વજન–૯૪ ગ્રામ જેની બજાર કિંમત રૂપિયા ૧૩,૬૫,૦૨૦, એક જોડી ચાંદીની ઝાંઝરી જેનું વજન આશરે ૪૩.૩૯૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૦,૭૬૦, રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૬,૭૫,૭૮૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

સ્થાનિક ચૂંટણીમાં ૬૦ વર્ષ ઉપરનાં કાર્યકરોની બાદબાકી થતાં

પક ઈચ : અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે પક્ષનાં નિર્ણયનો કર્યો વિરોધ

એક તરફ વડિલોનું સન્માન અને બીજી તરફ વિચિત્ર નિર્ણય થયો

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશમાં ભાજપનાં નાના કાર્યકરોથી લઈને અનેક દિગ્ગજ નેતાઓની અવગણના થઈ રહ્યાનાં બનાવો સામે આવી રહ્યા છે. તે સમયે કોઈ આગેવાન પક્ષનાં નિર્ણય સામે કશું બોલી શકતા નથી તે સમયે જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારે હિંમતભેર પક્ષનાં નિર્ણય સામે અવાજ ઉઠાવ્યો છે.

ભાજપ દ્વારા ૬૦ વર્ષથી વધુ વયના કાર્યકરોને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવાર ન બનાવાના નિર્ણય સામે હવે પાર્ટી અંદરથી જ વિરોધના સ્વર ઉઠવા લાગ્યા છે. અમરેલી ભાજપના નેતા ડો. ભરત કાનાબારેએ ટ્વીટ મારફતે આ નિર્ણય સામે ગંભીર પ્રશ્નો ઉઠાવી તેને અલોકતાંત્રિક ગણાવ્યો છે. ભાજપના ૬૦ વર્ષથી વધુ વયના કાર્યકરોને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવાર ન બનાવવા અંગે લેવાયેલા નિર્ણયને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા ચાલી રહી છે. આ નિર્ણય સામે અમરેલી ભાજપના જ વરિષ્ઠ નેતા ડો. ભરત કાનાબારે ખુલીને વિરોધ નોંધાવ્યો છે.

ડો. કાનાબારે પોતાના ટ્વીટમાં જણાવ્યું હતું કે, જનતંત્રમાં વરિષ્ઠ નાગરિકોના મત તો જોઈએ છે, પરંતુ તેમને પ્રતિનિધિત્વ આપવાનું નથી. આવો અભિગમ અન્યાયપૂર્ણ છે. તેમણે આ નિર્ણયને માત્ર અલોકતાંત્રિક જ નહીં પરંતુ ગેરબંધારણીય ગણાવ્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું કે આ પ્રકારનો નિર્ણય વરિષ્ઠ નાગરિકો વિશે પરિવાર, સમાજમાં ખોટી છાપ ઉભી કરે છે કે તેઓ શારીરિક અને માનસિક રીતે જવાબદારી ઉઠાવવા સક્ષમ નથી. આથી વડીલોના મનોબળ અને આત્મવિસ્વાસ પર ગંભીર અસર પડે તેવી શકયતા છે.

ડો. કાનાબારે આ મુદ્દે ભારતીય સંસ્કૃતિનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, જયાં એક તરફ ભારતીય પરંપરામાં વડીલોનું સન્માન કરવામાં આવે છે ત્યાં બીજી તરફ આ પ્રકારના નિર્ણયો અસંસ્કારી પરિવારો જેવી માનસિકતા દર્શાવે છે જયાં વડીલોની અવગણના કરવામાં આવે છે.

તેમણે ચેતવણી આપી કે આ ઉતાવળમાં લેવાયેલા નિર્ણયને કારણે સમાજ અનુભવી અને વ્યવહારકુશળ વર્ગના માર્ગદર્શનથી વંચિત રહી શકે છે. વડીલોનો અનુભવ અને ડહાપણ સમાજ માટે અમૂલ્ય છે, જેને અવગણવું નુકસાનકારક સાબિત થઈ શકે છે.

આ નિર્ણયના લાંબા ગાળાના પ્રભાવોને ધ્યાનમાં લેતા ડો. કાનાબારે પાર્ટી અંદર વ્યાપક ચર્ચા કરવાની માંગણી કરી છે. તેમણે આશા વ્યકત કરી છે કે પક્ષ આ મુદ્દે પુનઃ વિચાર કરશે અને વરિષ્ઠ કાર્યકરોને યોગ્ય માન–સન્માન સાથે પ્રતિનિધિત્વ આપશે. આ સમગ્ર મામલો હવે ભાજપમાં આંતરિક ચર્ચાનો વિષય બની રહ્યો છે અને આગામી દિવસોમાં આ મુદ્દે વધુ રાજકીય ગરમાવો જોવા મળી શકે છે.

ચૂંટણી નજીકમાં છતાં પણ ગંદકીનો માહોલ

દામનગરમાં પાંચ વર્ષમાં ન સફાઈ થઈ કે અન્ય કોઈ લોકઉપયોગી વિકાસ કાર્યો ન થયા

પૂનઃ મતદારોને હથેળીમાં ચાંદ બતાવવાનું થશે શરૂ

દામનગર, તા. ૧૩

સ્થાનિક નગરપાલિકાની સામાન્ય ચૂંટણી આવી એટલે ઉમેદવારો પોતાના વોર્ડમાં મતદારોને મનાવવા અને રીઝવવા માટે દોડધામ શરૂ કરી દીધી છે. અગાઉના સત્તાધીશોમાંથી કેટલાકની પક્ષના નિયમ મુજબ ટિકિટો કપાઈ છે. રિપીટ કરાયેલ સભ્યોએ પોતાના વોર્ડમાં કેટલા અને કેવા કામો કર્યા છે તેનો રીપોર્ટ મતદારોને આપવો જોઈએ તો ખ્યાલ આવે કે ખરેખર ફરી વખત મત આપવો કે નહીં તે વિચારવું જોઈએ..!! પાંચ વર્ષ દરમ્યાન પોતાનાં મત વિસ્તારમાં કેટલી વખત મુલાકાત લીધી અને કયાં પ્રશ્નો અને સમસ્યાનો ઉકેલ લાવ્યા તે રીપોર્ટ આપવો જોઈએ. આતો ભાઈ લોકશાહી છે એટલે નાગરિકો–મતદારોનો અધિકાર છે કે પ્રજાના સેવકોને સવાલ કરીને જવાબ માંગવો. દામનગર શહેરમાં પ્રાથમિક શાળા નંબર ૧ અને ૨ ની દીવાલને અડીને આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટની બાજુમાં મુકવામાં આવેલ કચરા પેટીની આજુબાજુમાં કચરાના ઢગલા થયા હોય અને કચરો ફેલાયેલો રહેતો હોય આરોગ્ય ઉપર ખતરો ઉભો થઈ શકે. જવાબદારી કોની. ચિફ ઓફિસરની કે વહીવટદારની કે જનતાની..!! ?

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકમલ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકકા
Mo. 93770 03636

આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, વિશિષ્ટા સેન્ટર, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 9825540007 - 9904742662

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રયસિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણપાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Hero SPECIAL OFFER EXCLUSIVE SALE LIMITED TIME ONLY
Cash Discount ₹3000*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ) | 1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
6000 ચો.ફુ. જગ્યા
CCTV કેમેરાથી સજ્જ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઈ–ફાઈ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ અને કેટરીંગની સુવિધા
12 L.E.D. ફ્લડ લાઈટથી સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

HONDA EXCLUSIVE SALE LIMITED TIME ONLY
OFFER TILL - 15/04/2026
DISCOUNT ₹5100* DISCOUNT ₹10000* DISCOUNT ₹5000* DISCOUNT ₹3500*
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-FI HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પીએમ મોદીએ કરી મોટી જાહેરાત

નારી શક્તિ વંદન બિલ ૨૧મી સદીનો ઐતિહાસિક નિર્ણય

તેમણે કહ્યું કે આ ૨૧મી સદીનો સૌથી મોટો નિર્ણય છે, જે નવા સંસદ ભવનથી મહિલા સશક્તિકરણ અને લોકશાહી શક્તિને સુનિશ્ચિત કરશે

નવી દિલ્હી, તા.૧૩

સંસદમાં નારી શક્તિ વંદન અધિનિયમ પર ચર્ચા થાય તે પહેલાં દિલ્હીના વિજ્ઞાન ભવનમાં નારી શક્તિ વંદન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની નારી શક્તિને સંબોધતા જણાવ્યું કે, "આપણો દેશ ઈતિહાસ રચવાની ખૂબ નજીક છે. એક એવો નવો ઈતિહાસ, જે ભૂતકાળની સંકલ્પનાઓને સાકાર કરશે અને ભવિષ્યના સંકલ્પોને પૂર્ણ કરશે."

નારી શક્તિ વંદન સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે, રાષ્ટ્રની વિકાસ યાત્રાના આ મહત્વના પડાવોની વચ્ચે ભારત ૨૧મી સદીના સૌથી મોટા નિર્ણયોમાંથી એક નિર્ણય લેવા જઈ રહ્યું છે. હું ખૂબ જ જવાબદારીપૂર્વક કહી રહ્યો છું કે આ ૨૧મી સદીના સૌથી મહત્વપૂર્ણ નિર્ણયોમાંથી એક મહત્વપૂર્ણ નિર્ણય છે. આ નિર્ણય નારી શક્તિને સમર્પિત છે. નારી શક્તિ વંદનને સમર્પિત છે.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, રાજ્યોની વિધાનસભાઓથી લઈને દેશની સંસદ સુધી દાયકાઓની પ્રતીક્ષાના અંતનો સમય ૧૬, ૧૭, ૧૮ એપ્રિલ છે. ૨૦૨૩માં નવી સંસદમાં અમે નારી શક્તિ વંદન અધિનિયમના રૂપમાં પ્રથમ ડગલું ભર્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, નારી શક્તિ વંદન અધિનિયમ સમયસર લાગુ થઈ શકે અને મહિલાઓની ભાગીદારી લોકતંત્રને મજબૂતી આપે તે માટે ૧૬ એપ્રિલથી સંસદના બજેટ સત્રની વિશેષ બેઠકનું આયોજન થવા જઈ રહ્યું છે. તે પહેલા આજે નારી શક્તિ વંદનનો આ કાર્યક્રમ યોજાયો છે જેના દ્વારા અમને દેશની કરોડો માતાઓ-બહેનોના આશીર્વાદ મળી રહ્યા છે.

પીએમ મોદીએ સંમેલનમાં આવેલી મહિલાઓ વિશે કહ્યું કે, તમે સૌ દેશના ખૂણે-ખૂણેથી આવ્યા છો. તમારી આ ઉપસ્થિતિ અને આ મહત્વપૂર્ણ કાર્ય માટે તમે જે સમય કાઢ્યો છે તે બદલ હું આપ સૌનું હૃદયપૂર્વક આભાર માનું છું. સાથે જ ભારતની તમામ મહિલાઓને એક નવા યુગના આગમનની શુભેચ્છા પણ પાઠવું છું. તેમણે ઉમેર્યું કે, હું અહીં કોઈને ઉપદેશ આપવા કે જગાડવા નથી આવ્યો. હું તો બસ આ દેશની મહિલાઓના આશીર્વાદ લેવા આવ્યો છું.વડાપ્રધાને કહ્યું કે, લોકશાહી માળખામાં મહિલાઓને અનામત આપવાની જરૂરિયાત દાયકાઓથી દરેક વ્યક્તિ અનુભવી રહી હતી. આ વિચાર-વિમર્શને આશરે ૪ દાયકા વીતી ગયા છે. જેમાં તમામ પક્ષોના અને કેટલીય પેઢીઓના પ્રયાસો સામેલ છે. દરેક પક્ષે આ વિચારને પોતપોતાની રીતે આગળ વધાર્યો છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, ૨૦૨૩માં જ્યારે નારી શક્તિ વંદન અધિનિયમ આવ્યો ત્યારે પણ તમામ પક્ષોએ સર્વસંમતિથી તેને પસાર કર્યો હતો. ત્યારે એક સૂરે એ વાત પણ ઉઠી હતી કે કોઈપણ સંજોગોમાં ૨૦૨૯ સુધીમાં આ લાગુ થઈ જવો જોઈએ. આપણા વિપક્ષના તમામ સાથીઓએ પણ ભાર આપ્યો હતો કે ૨૦૨૯માં આ લાગુ થઈ જવો જોઈએ.પીએમ મોદીએ કહ્યું કે, આપણો પ્રયાસ અને પ્રાથમિકતા છે કે આ વખતે પણ આ કાર્ય સંવાદ, સહયોગ અને સહભાગિતાથી થાય. તેમણે ગૌરવ સાથે જણાવ્યું કે, હાલમાં દેશમાં રાષ્ટ્રપતિથી લઈને નાણામંત્રી જેવા મહત્વના પદો મહિલાઓ જ સંભાળી રહી છે. ભારતમાં ૧૪ લાખથી વધુ મહિલાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહી છે. લગભગ ૨૧ રાજ્યોમાં પંચાયતોમાં તેમની ભાગીદારી આશરે ૫૦% સુધી પહોંચી ગઈ છે. તેમણે કહ્યું કે જ્યારે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની સહભાગિતા વધે છે ત્યારે વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા આવે છે.પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૪માં આપણા દેશમાં કરોડો મહિલાઓ એવી હતી જેમણે ક્યારે બેંકનો દરવાજો પણ જોયો નહોતો. મહિલાઓ બેંકિંગ સેક્ટર સાથે જોડાયેલી નહોતી તો તેમને બેંકિંગનો લાભ કેવી રીતે મળેત. અમે જનધન યોજના શરૂ કરી તો દેશની ૩૨ કરોડથી વધારે મહિલાઓના બેંક ખાતા ખુલ્યા. PM મોદીએ જણાવ્યું હતું કે આજે આપણી દીકરીઓ વિવિધ નવા વ્યવસાયિક સાહસોમાં પોતાની ઓળખ બનાવી રહી છે. મુદ્રા યોજના હેઠળ મહિલાઓએ ૬૦%થી વધુ લોન લીધી છે. મહિલાઓ પણ દેશની સ્ટાર્ટઅપ ક્રાંતિ (startup revolution)નું નેતૃત્વ કરી રહી છે જે મોખરે છે. આજે, ૪૨%થી વધુ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછી એક મહિલા ડાયરેક્ટર છે. સ્કીલ ઈન્ડિયા મિશન અને વોકેશનલ ટ્રેનિંગના પરિણામે આજે હજારો ડ્રોન દીદી કૃષિ ક્રાંતિનું નેતૃત્વ કરી રહી છે.

અમરનાથ યાત્રા ૩ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થશે

આ વર્ષે ૫૭ દિવસ ચાલશે પવિત્ર અમરનાથ યાત્રા

દર વર્ષે ભારતભરમાંથી હજારો તીર્થયાત્રીઓ યાત્રા કરે છે

જમ્મુ, તા.૧૩

બરફાની બાબાના ભક્તો જે તારીખની રાહ જોઈ રહ્યા હતા તે તારીખ જાહેર થઈ ચૂકી છે. આ વર્ષની અમરનાથ યાત્રા ૩ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રાની તારીખ જાહેર થવાની સાથે જ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા અને નિયમો પણ જણાવી દેવામાં આવ્યા છે. તો ચાલો તમને પણ જણાવી દઈએ અમરનાથ યાત્રા ૨૦૨૬ સંબંધિત તમામ વિગતો. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાતી પવિત્ર યાત્રા છે. દર વર્ષે ભારતભરમાંથી અને વિદેશમાંથી હજારો તીર્થયાત્રીઓ અમરનાથ યાત્રા કરે છે. કશ્મીરના અનંતનાગમાં ૩૮૦૦ મીટરથી વધુની ઉંચાઈએ સ્થિત પવિત્ર ગુફામાં પ્રાકૃતિક રીતે બરફનું શિવલિંગ બને છે જેને શ્રદ્ધાળુઓ ભગવાન શિવનું પ્રતિક માને છે અને તેના દર્શન માટે અમરનાથ યાત્રા કરે છે. આ વર્ષની અમરનાથ યાત્રા ૩ જુલાઈ ૨૦૨૬ થી શરૂ થશે અને ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ પૂરી થશે. આ વર્ષની અમરનાથ યાત્રા ૫૭ દિવસ ચાલશે. અમરનાથ યાત્રા માટેનું રજીસ્ટ્રેશન ૧૫ એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થઈ જશે. અમરનાથ યાત્રા માટેનું રજીસ્ટ્રેશન દેશભરની ૫૫૬ બેંક શાખાઓના માધ્યમથી અથવા તો ઓનલાઈન કરી શકાશે. અમરનાથ યાત્રાનું રજીસ્ટ્રેશન state bank of india, પંજાબ નેશનલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેન્ક અને યસ બેન્ક દ્વારા કરી શકાશે.અમરનાથ યાત્રા અંગેના જાહેર કરાયેલા નિયમ અનુસાર અમરનાથ યાત્રા ૧૩ વર્ષથી વધુની વયના ૭૦ વર્ષ સુધીની વયના શ્રદ્ધાળુઓ કરી શકશે. અમરનાથ યાત્રા કરવા માટે દરેક શ્રદ્ધાળુએ રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત હશે. અમરનાથ યાત્રા કરવા માટે દરેક શ્રદ્ધાળુ પાસે શારીરિક રીતે સક્ષમ હોવાનું સર્ટિફિકેટ હોવું અનિવાર્ય છે. આ સર્ટિફિકેટ અધિકૃત ડોક્ટર દ્વારા આપેલું હોવું જોઈએ અને ૮ એપ્રિલ ૨૦૨૬ પછીનું હોવું જોઈએ. અમરનાથ યાત્રા ૨૦૨૬ શાંતિપૂર્ણ વાતાવરણમાં અને સુરક્ષા સાથે થાય તે માટે આ વર્ષે ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે જેમાં રજીસ્ટ્રેશન આધારિત બાયોમેટ્રિક ઈ કેવાયસી કરવામાં આવશે. જેના દ્વારા અમરનાથ યાત્રાની પરમિટ શ્રાઈન બોર્ડ ઓનલાઈન જાહેર કરશે. આ સિવાય તમામ તીર્થયાત્રીઓ માટે આરએફઆઈડી કાર્ડ પણ અનિવાર્ય હશે. આ વર્ષે સામૂહિક દુર્ઘટના વીમા કવચ પણ પાંચ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

હટાવાયેલા મતદારોની સંખ્યા કુલ મતદારોનાં ૧૦.૨ ટકા

એસઆઇઆર હેઠળ ૧૨ રાજ્યોમાં કુલ ૫.૨ કરોડ નામ હટાવાયા

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય ચૂંટણી પંચે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અભિયાન હેઠળ દેશનાં ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની મતદાર યાદીમાંથી લગભગ ૫.૨ કરોડ અયોગ્ય મતદારોનાં નામ હટાવી દીધા છે. હટાવવામાં આવેલા મતદારોની સંખ્યા કુલ મતદારોનાં ૧૦.૨ ટકા છે.ચૂંટણી પંચનાં જણાવ્યા અનુસાર આ અભિયાન મતદાર યાદીને નિયમિત કરવાના ઉદ્દેશથી ચલાવવામા આવ્યું હતું. જેમાં ગેરહાજર, ટ્રાન્સફર, મૃત્યુ, ડબલ રજિસ્ટ્રેશન અને અન્ય અયોગ્ય મતદારોનાં નામ હટાવવામાં આવ્યા છે. જેથી નકલી મતદાનનો અવકાશ સમાપ્ત થઈ જાય. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે એસઆઈઆરનો પ્રથમ તબક્કો બિહારમાં શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને તમિલનાડુ જેવા ૧૧ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં એસઆઈઆર અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.અભિયાન દરમિયાન કુલ ૫૧ કરોડ મતદારોની તપાસ કરવામાં આવી હતી. જે પછી ૧૦.૨ ટકા નામ ગેરહાજર, મૃત્યુ કે ડબલ હોવાનાં કારણે દૂર કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચે આ પગલું મતદાર યાદીને શુદ્ધ અને સચોટ બનાવવાનાં ઉદ્દેશથી ભર્યું છે.આ પ્રક્રિયામાં અંદમાન-નિકોબારથી લઈને કેરળ સુધી ચૂંટણી ડેટાની તપાસ કરવામાં આવી હતી અને લાખો નવા નામ પણ જોડવામાં આવ્યા હતાં. આંકડાઓ અનુસાર અંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહમાં સૌથી વધારે ૧૬.૬ ટકા નામ દૂર કરવામાં આવ્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશમાં ૧૩.૨ ટકા અને ગુજરાતમાં ૧૩.૧ ટકા નામ દૂર કરવામાં આવ્યા હતાં. છત્તીસગઢમાં ૧૧.૩ ટકા નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. બંગાળમાં આ ટકાવારી ૧૦.૯ ટકા રહી છે. બંગાળમાં જ્યુડિશિયલ પ્રક્રિયા હેઠળ ૨૭ લાખ નામ દૂર કરવામાં આવ્યા છે. આ રાજ્યોમાં મોટી સંખ્યામાં એવા લોકો હતાં જે સ્થાયી ધોરણે ટ્રાન્સફર થઈ ગયા હતાં અને અથવા મૃત્યુ પામ્યા હતાં. ચૂંટણી પંચે નામ હટાવવાની સાથે ૨ કરોડ નવા નામો મતદાર યાદીમાં સામેલ પણ કર્યા છે. જેમાં ઉત્તર પ્રદેશ ૯૨.૪ લાખ નવા મતદારો સાથે પ્રથમ સ્થાને છે. ઉત્તર પ્રદેશ પછી તમિલનાડુમાં ૩૫ લાખ, કેરળમાં ૨૦.૪ લાખ અને રાજસ્થાનમાં ૧૫.૪ લાખ નવા નામ સામેલ કરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશમાં ૧૨.૯ લાખ અને ગુજરાતમાં ૧૨ લાખથી વધારે નવા મતદારોનાં નામ સામેલ કરવામાં આવ્યા છે.

૭૦ ટકા લોકોમાં વિટામિન ડીની ઉણપ જણાઇ

ભારતમાં 30 વર્ષથી ઓછી વયના પાંચમાંથી એક વ્યક્તિ પ્રિ-ડાયાબિટિક

ભારતમાં નિવારાત્મક આરોગ્ય સંભાળ વધારે અંગત અને ચોકસાઇભરી બનાવવાની જરૂર : અભ્યાસનું તારણ

નવી દિલ્હી, તા.૧૩

એક ખાનગી હોસ્પિટલ ચેઈન દ્વારા વિશ્વ આરોગ્ય દિને પ્રકાશિત કરવામાં આવેલાં અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે ભારતમાં દર ત્રણ યુવાનોમાંથી બે યુવાનો પર બિન ચેપી રોગો એટલે કે એનસીડી થવાનું જોખમ રહેલું છે. દેશની નોકરીધંધો કરતી વસ્તીમાંથી લગભગ અડધાં પ્રિ-ડાયાબિટિક જણાયા છે અને દસમાંથી આઠ જણાં વધારે પડતું વજન ધરાવતાં હોવાનું જણાયું છે. આ સર્વેમાં ૩૦ લાખ લોકોને આવરી લઈ નિવારાત્મક આરોગ્ય વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભ્યાસના તારણો દર્શાવે છે કે યુવાનો અને નોકરીધંધો કરતી વસ્તીમાં આરોગ્યના જોખમો દર્શાવતાં પરિબળો મોજૂદ છે. ૩૦ વર્ષથી ઓછી વયના પાંચ જણાંમાં એક જણ પ્રિડાયાબિટિક જણાયો છે. નોંધપાત્ર બાબત એ છે કે વહેલાસર જીવનશૈલીમાં ફેરફાર કરવામાં આવે તો આ સ્થિતિને ઉલટાવવી શક્ય છે. પણ ૩૦ વર્ષથી ઓછી વયના માત્ર ૨૮ ટકા વ્યક્તિઓએ સમયસર જીવનશૈલી બદલી સુગર લેવલને સામાન્ય સ્તરે લઈ આવી શક્યા છે. તેની સામે ૫૦થી વધારે વયના લોકોમાં માત્ર સાત ટકા લોકો જ તેમની જીવનશૈલી બદલવામાં સફળ નીવડયા છે. સર્વેના ડેટામાંથી જાણવા મળ્યું છે કે નોકરી ધંધો કરતી વસ્તીમાં આરોગ્ય વિષયક જોખમો વ્યાપક જણાયાં છે. સરેરાશ ૩૮ વર્ષની વય ધરાવતાં આ વયજૂથમાં દસમાંથી આઠ જણાં વધારે પડતું વજન ધરાવતાં અને લગભગ અડધાં પ્રિડાયાબિટિક કે ડાયાબિટિસ ધરાવતાં હોવાનું જણાયું છે. જ્યારે દર ચાર જણાંએ એક જણ હાઈ બ્લડ પ્રેશરથી પીડાતો હોવાનું જણાયું છે. આ લક્ષણો દર્શાવે છે કે દેશના ઉત્પાદક વય જૂથમાં ચયાપચયની સમસ્યાઓ વધી રહી છે. હોસ્પિટલના અધિકારીએ જણાવ્યું હતું કે વસ્તીના ડેટા, જીવનશૈલી અને આધુનિક નિદાન પદ્ધતિઓનો ઉપયોગ કરી નિવારાત્મક આરોગ્ય સંભાળને વધારે અંગત અને ચોકસાઈભરી બનાવવા પર ભાર મુકવો જરૂરી છે.

SIR મુદ્દે સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને સવાલ

જો જીતનું અંતર ૨% હોય અને ૧૫% લોકો વોટ ન આપી શકે તો શું?

નવી દિલ્હી, તા.૧૩

પશ્ચિમ બંગાળમાં સઘન પુનરીક્ષણ એટલે કે SIR પ્રક્રિયા મતદારોના નામ દૂર કરવા મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. ન્યાયાધીશ જૉયમાલ્યા બાગચીએ મતદાન યાદીમાંથી મતદારોના નામ દૂર કવા મામલે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે SIR મુદ્દે ચૂંટણી પંચને સવાલ કર્યો છે કે, જો જીતનું અંતર ૨% હોય અને ૧૫% લોકો વોટ ન આપી શકે તો શું? ન્યાયાધીશે યાદીમાંથી હટાવાયેલા વ્યક્તિઓની અપીલ પર વિચારણા કરવા મજબૂત અપીલ તંત્ર બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.ન્યાયાધીશે તે મુદ્દા પર વિશેષ ધ્યાન આપ્યું છે, જેમાં ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં અન્ય રાજ્યોથી અલગ 'તાર્કિક વિસંગતતા' નામની એક શ્રેણી રજૂ કરી છે. તેમણે એવું પણ કહ્યું કે, બિહારમાં જે રીતે SIR પ્રક્રિયા હાથ ધરાઈ હતી, તેવું વલણ અપનાવવા બદલે ચૂંટણી પંચ ભટકી ગયું છે. ચૂંટણી પંચે બિહાર મામલે કહ્યું હતું કે, ૨૦૦૨ની મતદાર યાદીમાં સામેલ વ્યક્તિઓએ દસ્તાવેજો અપલોડ કરવાની જરૂર નથી.લાઈવ લૉના અહેવાલ મુજબ, જસ્ટિસ બાગચીએ ચૂંટણી પંચને પ્રશ્ન કર્યો કે, 'જો ઉમેદવારની જીતનું અંતર ૧૦% હોય અને ૧૦% મતદારો મતદાન ન કરે તો કદાચ વાંધો ન આવે. પરંતુ જો જીતનું અંતર માત્ર ૨% હોય અને યાદીમાંથી નામ કપાવાને કારણે પાત્રતા ધરાવતા ૧૫% મતદારો વોટ ન આપી શકે, તો આ ગંભીર બાબત છે અને આપણે તેના પર નિશ્ચિતપણે વિચારવું જોઈએ.' તેમણે વધુમાં ઉમેર્યું કે કોર્ટ કોઈ વ્યક્તિગત અભિપ્રાય નથી આપી રહી, પરંતુ યોગ્ય કે ખોટી રીતે યાદીમાંથી બહાર રહી ગયેલા જાગૃત મતદારની ચિંતા મહત્વની છે.ન્યાયાધીશે કહ્યું કે, જ્યારે અત્યંત દબાણવાળી પરિસ્થિતિ હોય ત્યારે જીંઈની કામગીરી કરતા ન્યાયિક અધિકારીઓ પાસે ૧૦૦ ટકા સારી કામગીરીની આશા ન રાખી શકાય. જ્યારે અધિકારી ઓછી સમયમર્યાદાની અંદર, દૈનિક ૧૦૦૦થી વધુ દસ્તાવેજો ચકાસતા હોય તો ૭૦ ટકા ચોકસાઈને પણ ઉત્કૃષ્ટ કામગરી માનવામાં આવશે, તેથી ન્યાયાધીશે મજબૂત અપીલીયન તંત્ર સ્થાપવાની જરૂરિયાત પર ભાર આપ્યો છે.જોકે મુખ્ય ન્યાયાધીશે અરજી સ્વીકારવામાં અનિચ્છા વ્યક્ત કરી છે અને સ્વિકારવાનો ઈક્કાર કર્યો છે. તેમણે અરજદારને કહ્યું છે કે, તમે અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ તેનું પાલન કરો. બેંચે અરજી ફગાવી દીધી છે, જોકે અરજદાર માટે અપીલ કરવાનો રસ્તો ખુલ્લો રાખ્યો છે. બેંચે સ્પષ્ટ કહ્યું છે કે, જો અરજદારની અરજી સ્વિકારવામાં આવશે તો જરૂર નિર્ણય લેવામાં આવશે.

UK PMનો અમેરિકાને જવાબ

યુદ્ધમાં સામેલ નહીં થઈએ, હોર્મુઝની નાકાબંધી કરવાના પક્ષમાં અમે નથી

સ્ટાર્મરે આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજોની મુક્ત અવરજવર જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો

લંડન, તા.૧૩

બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું છે કે તેમનો દેશ હોર્મુઝની કોઈપણ પ્રકારની નાકાબંધી કે બ્લોકેડને ટેકો આપશે નહીં. સ્ટાર્મરે આંતરરાષ્ટ્રીય જળસીમામાં જહાજોની મુક્ત અવરજવર જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે આ વિસ્તાર વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠા માટે અત્યંત મહત્ત્વનો છે અને કોઈપણ અવરોધ વિશ્વના અર્થતંત્રને ભારે નુકસાન પહોંચાડી શકે છે.હાલ હોર્મુઝને લઈને અમેરિકાએ નાકાબંધીની જાહેરાત કરી છે ત્યારે બ્રિટન દ્વારા પૂર્વ તૈયારીઓના ભાગરૂપે કેટલાક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. મળતી માહિતી અનુસાર, બ્રિટનમાં પેટ્રોલ-ડીઝલ પર ટેક્સમાં અંદાજિત પ્રતિલિટર 17 £(પેન્સ)નો કાપ મૂકાયો છે. આ કાપ ૨ મહિના માટે લાગુ રહેશે.બ્રિટિશ વડાપ્રધાને કહ્યું કે, કોઈપણ દબાણમાં યુદ્ધમાં સામેલ નહીં થઈએ. હોર્મુઝ ખુલ્લો રહેવો જોઈએ. હોર્મુઝ બંધ કરવાના પક્ષમાં નથી. વડાપ્રધાન સ્ટાર્મરે આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે મિડલ ઈસ્ટમાં તણાવ સતત વધી રહ્યો છે. તેમણે સમજાવ્યું કે બ્રિટન હંમેશા આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને જળમાર્ગોની સુરક્ષાનું પક્ષધર રહ્યું છે. જો હોર્મુઝમાં કોઈ અવરોધ પેદા થાય, તો તેની સીધી અસર ઊર્જાના ભાવ પર પડશે, જે બ્રિટન સહિત વિશ્વના તમામ દેશોના સામાન્ય નાગરિકો માટે મોંઘવારીમાં વધારો કરી શકે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે યુદ્ધ કે નાકાબંધી એ કોઈ ઉકેલ નથી. બ્રિટન આ ક્ષેત્રમાં સ્થિરતા લાવવા માટે તેના સાથી દેશો અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. સ્ટાર્મરના મતે, સમુદ્રમાં વેપારી જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ માત્ર લશ્કરી બાબત નથી, પરંતુ તે વૈશ્વિક બજારની સ્થિરતા માટે અનિવાર્ય છે.અત્રે ઉલ્લેખનીય છે કે હોર્મુઝ જળમાર્ગ એ ઈરાન અને ઓમાનની વચ્ચે આવેલો સાંકડો જળમાર્ગ છે, જે વિશ્વના કુલ તેલ વેપારના આશરે ૨૦ ટકા હિસ્સા માટે જવાબદાર છે. ઈરાન ભૂતકાળમાં અનેકવાર આ માર્ગ બંધ કરવાની ધમકી આપી ચૂક્યું છે, જેને કારણે આ વિસ્તારમાં તણાવની સ્થિતિ સર્જાતી રહે છે. બ્રિટનનું આ નવું વલણ એ સંકેત આપે છે કે તેઓ આ વિવાદમાં સીધી લશ્કરી નાકેબંધીના પક્ષમાં નથી.

ટ્રમ્પની ધમકી પર ચીન ભડક્યું

હોર્મુઝ અમારા માટે ખુલ્લુ છે, તેમાં કોઈ દખલગીરી ના કરે

ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જુને કહ્યું, અમે વિશ્વમાં શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છીએ

બેઈજીંગ, તા.૧૩

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ૨૧ કલાક સુધી યોજાયેલી બેઠક અનિર્ણાયક સાબિત થયા બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધી રહ્યો હોય તેવું લાગે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજથી (૧૩મી એપ્રિલ) હોર્મુઝ સ્ટ્રેટના નાકાબંધીની જાહેરાત કરી છે. તેમની ધમકીનો ઈરાને પણ કડક જવાબ આપ્યો છે. આ દરમિયાન ચીને પણ હોર્મુઝ સ્ટ્રેટ અંગે મોટું નિવેદન આપતા કહ્યું કે, હોર્મુઝ અમારા માટે ખુલ્લુ છે. આ મામલે કોઈ દખલગીરી ના કરે.અહેવાલો અનુસાર, ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જુને કહ્યું, અમે વિશ્વમાં શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છીએ. અમે મિડલ ઈસ્ટની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. અમારા જહાજો સતત હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહ્યા છે. અમારી ઈરાન સાથે વેપાર અને ઉર્જા કરાર છે. અમે તેનો આદર કરીશું અને અપેક્ષા રાખીશું કે અન્ય લોકો અમારી બાબતોમાં દખલગીરી ના કરે. ઈરાન હોર્મુઝ સ્ટ્રેટનું નિયંત્રણ કરે છે, અને તે અમારા માટે ખુલ્લું છે.બીજી તરફ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને સોમવારે (૧૩મી એપ્રિલ) એ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા કે ચીન ઈરાનને હથિયાર પૂરા પાડવાની યોજના બનાવી રહ્યું છે. તેણે કહ્યું કે, ચીને હંમેશા લશ્કરી નિકાસ માટે સમજદાર અને જવાબદાર અભિગમ અપનાવ્યો છે અને તેના સ્થાનિક નિકાસ નિયંત્રણ કાયદા અને નિયમો તેમજ તેની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અનુસાર કડક નિયંત્રણો લાગુ કર્યા છે.ઉલ્લેખનીય છેકે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં સંપૂર્ણ દરિયાઈ નાકાબંધીની જાહેરાત કરી છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ ગઈકાલે (૧૨મી એપ્રિલ) સાંજથી જ ઈરાનના તમામ બંદરો પર આવતા-જતા જહાજોને અટકાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. નોંધનીય છે કે ઈરાન પર અમેરિકાના હુમલા બાદ ઈરાને મિત્ર દેશો સિવાયના દેશોના જહાજો માટે હોર્મુઝની ખાડી બંધ કરી હતી. આ રસ્તાથી ગલ્ફ દેશો દુનિયાના અનેક દેશોને ગેસ અને ઓઈલ પહોંચાડે છે. જેના કારણે અનેક દેશોમાં ઓઈલ અને ગેસની અછત સર્જાઈ હતી. જોકે ઈરાને ભારત જેવા મિત્ર દેશોને આ પ્રતિબંધમાંથી રાહત આપી હતી.

જો તેના બંદરો પર જોખમ આવ્યું તો તો તેના વિસ્તારમાં વ્યાપક પરિણામ આવશે

તેહરાન, તા.૧૩

મધ્ય પૂર્વમાં શાંતિ સ્થપાવાની જગ્યાએ માહોલ વધુ ગરમાઈ રહ્યો છે. એકબીજાને ધમકીઓ અપાઈ રહી છે. અમેરિકાએ હોર્મુઝની નાકાબંધીની ધમકી આપી તો ઈરાને પણ વળતો પ્રહાર કર્યો છે. ઈરાને કહી દીધુ છે કે જો તેના બંદરો પર જોખમ આવ્યું તો તો તેના વિસ્તારમાં વ્યાપક પરિણામ આવશે. ઈરાનની આ ચેતવણી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હોર્મુઝ નાકાબંધીની ધમકી બાદ આવી છે. ખતમ અલ અનબિયા કેન્દ્રીય મુખ્યાલયના પ્રવક્તાએ મેહર સમાચાર એજન્સીને જણાવ્યું કે વિસ્તારમાં દરિયાઈ સુરક્ષાની જવાબદારી સામૂહિક જવાબદારી હોવી જોઈએ. તેમણે કહ્યું કે ઈરાની બંદરોને ટાર્ગેટ કરવાના કોઈ પણ પગલાંની અસર પાડોશી દેશો ઉપર પણ પડશે. પ્રવક્તાએ વધુમાં ચેતવણી આપી કે જો ઈરાની બંદરોની સુરક્ષા જોખમાઈ તો ફારસની ખાડી કે ઓમાનની ખાડીમાં કોઈ પણ બંદર સુરક્ષિત રહેશે નહીં. અત્રે જણાવવાનું કે ઈરાનની આ ચેતવણી એવા સમયે આવી છે કે જ્યારે અમેરિકાની સેનાએ સોમવારે ઈરાની બંદરો અને સમુદ્રી વિસ્તારોની નાકાબંધી કરવાની જાહેરાત કરી છે. આ પગલું બે સપ્તાહના યુદ્ધવિરામની જાહેરાત બાદ લેવાયું છે. જો કે ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણા નિષ્ફળ જતા પરિસ્થિતિ વકરે તેવો અંદેશો હતો. અમેરિકાની કેન્દ્રીય કમાન (CENTCOM)એ કહ્યું કે નાકાબંધી સોમવારે સવારે ૧૦ વાગ્યા(ઈરાનના સમય મુજબ સાંજે ૫.૩૦ વાગ્યાથી)થી લાગૂ થશે. જે તમામ જહાજો માટે નિષ્પક્ષ રીતે લાગૂ કરાશે. જેમાં અરબ સાગર અને ઓમાનની ખાડીના તમામ ઈરાની બંદરો સામેલ છે. જો કે કમાને એ પણ સ્પષ્ટ કર્યું કે બિન ઈરાની બંદરો વચ્ચે મુસાફરી કરતા જહાજોને હોર્મુઝમાંથી પસાર થવા દેવાશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે અમેરિકી સેના કોઈ પણ જહાજ જે આંતરરાષ્ટ્રીય જળવિસ્તારમાં ઈરાનને ગેરકાયદેસર ટોલ ચૂકવતું જણાશે તેને રોકશે. ટ્રમ્પે ચેતવણી આપતા કહ્યું કે જે કોઈ ગેરકાયદેસર રીતે ટોલ ચૂકવશે તેને ખુલ્લા દરિયામાં સુરક્ષિત મુસાફરી કરવા મળશે નહીં. ટ્રમ્પે વધું કહ્યું કે કોઈ પણ ઈરાની જે અમારા ઉપર કે શાંતિપૂર્ણ જહાજો પર ફાયરિંગ કરશે તેને નરકમાં મોકલી દેવાશે. આ દરમિયાન તેમણે એવી પણ જાહેરાત કરી કે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં બીછાવેલી બારૂદી સુરંગોની પણ અમેરિકી સેના સફાઈ કરવા માંડશે.

૧૦,૦૦૫ બેઠકો માટે ૩૯,૩૮૬ ઉમેદવારી પત્રો ભરાયા

ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જંગ તેજ

આંકડા દર્શાવે છે કે, સરેરાશ એક બેઠક દીઠ ચાર જેટલા ઉમેદવારો મેદાનમાં છે, જે ચૂંટણીમાં તીવ્ર સ્પર્ધાનું સંકેત આપે છે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થતાં જ હવે ચૂંટણી જંગ વધુ રોમાંચક બન્યો છે. આજે રાજ્યભરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે આવતીકાલે ઉમેદવારી પાછી ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી રાજકીય પક્ષો પોતાના સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત બન્યા છે.રાજ્યમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કુલ ૧૦,૦૦૫ બેઠકો માટે કુલ ૩૯,૩૮૬ ઉમેદવારી પત્રો ભરાયા છે. આ આંકડા દર્શાવે છે કે, સરેરાશ એક બેઠક દીઠ ચાર જેટલા ઉમેદવારો મેદાનમાં છે, જે ચૂંટણીમાં તીવ્ર સ્પર્ધાનું સંકેત આપે છે. ચૂંટણી આંકડાઓ પર નજર કરીએ તો રાજ્યની ૧૫ મહાનગરપાલિકાની ૧,૦૪૪ બેઠકો માટે ૫,૯૮૪ ઉમેદવારી પત્રો ભરાયા છે. તેમાં પણ અમદાવાદમાં સૌથી વધુ ૧૯૨ બેઠકો માટે ૧,૫૫૩ ફોર્મ નોંધાયા છે, જ્યારે સુરતમાં ૧૨૦ બેઠકો માટે ૧,૦૫૯ ઉમેદવારી પત્રો ભરાયા છે. આ બંને શહેરોમાં રાજકીય રસાકસી વધુ તેજ બનવાની શક્યતા છે. નગરપાલિકાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. ૮૪ નગરપાલિકાની ૨,૬૨૪ બેઠકો માટે કુલ ૭,૮૧૮ ફોર્મ ભરાયા છે. ઉપરાંત ૧૧ નગરપાલિકાની ૧૩ બેઠકો માટે યોજાનારી પેટાચૂંટણીમાં ૧૪૦ ઉમેદવારી પત્રો જમા થયા છે. પંચાયત સ્તરે સૌથી વધુ પ્રતિસ્પર્ધા જોવા મળી રહી છે. ૩૪ જિલ્લા પંચાયતની ૧,૦૯૦ બેઠકો માટે ૪,૯૦૬ ફોર્મ ભરાયા છે, જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતની ૫,૨૩૪ બેઠકો માટે સૌથી વધુ ૨૦,૬૩૮ ઉમેદવારી પત્રો નોંધાયા છે. આ આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ છે.ચૂંટણી પંચના નિયમો મુજબ, આજે તમામ ઉમેદવારી પત્રોની સ્ક્રૂટિની હાથ ધરાશે. આ દરમિયાન ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી કરીને યોગ્યતા નિર્ધારિત કરવામાં આવશે. ત્યારબાદ આવતીકાલે ફોર્મ પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી અનેક સ્થળોએ રાજકીય દબાણ, સમજુતી અને સમીકરણો ગોઠવાતાં જોવા મળશે. ફોર્મ પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે કે કેટલાં ઉમેદવારો મેદાનમાં રહેશે અને કેટલાંક બેઠકો બિનહરીફ જાહેર થશે.હાલ તમામ રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે જોરશોરથી તૈયારી કરી રહ્યા છે. આગામી દિવસોમાં પ્રચાર વધુ તેજ બનશે. સ્થાનિક મુદ્દાઓ, વિકાસના પ્રશ્નો અને જ્ઞાતિ આધારિત સમીકરણો ચૂંટણીના કેન્દ્રમાં રહેવાની શક્યતા છે. આ ચૂંટણી માત્ર સત્તા મેળવવાનો જંગ નહીં, પરંતુ સ્થાનિક સ્તરે રાજકીય પ્રભાવ અને નેતૃત્વની કસોટી પણ માનવામાં આવી રહી છે. અંતે જનતા કોને પસંદ કરે છે અને કોના માથે જીતનો તાજ ચઢે છે તે પરિણામના દિવસે જ સ્પષ્ટ થશે. રાજ્યના પોલીસ વડા ગગનદીપ ગંભીરએ તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ જાહેર કર્યો છે. આ અંગે સત્તાવાર પરિપત્ર જારી કરીને રાજ્ય પોલીસ મથક દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે પૂર્ણ થાય તે માટે તમામ કર્મચારીઓ ફરજ પર હાજર રહેવું ફરજિયાત રહેશે. હાલ રજા પર રહેલા પોલીસ કર્મચારીઓને પણ તાત્કાલિક ફરજ પર પરત ફરવા માટે સૂચના આપવામાં આવી છે. પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, આ આદેશનું પાલન નહીં કરનાર કર્મચારીઓ સામે કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવી પોલીસ માટે પ્રાથમિકતા છે, તેથી કોઈપણ પ્રકારની ઢીલ સહન નહીં કરવામાં આવે. માત્ર પોલીસ વિભાગ જ નહીં, પરંતુ રાજ્યના અન્ય સરકારી વિભાગોમાં પણ રજાઓ અંગે કડક નિયમો અમલમાં મુકવામાં આવ્યા છે. મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કર્મચારીઓ માટે પણ અનિવાર્ય કારણો સિવાય રજા મંજૂર નહીં કરવામાં આવે. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને જો ખાસ પરિસ્થિતિમાં રજાની જરૂર પડે તો તેમને જિલ્લા ચૂંટણી અધિકારી પાસેથી પૂર્વ મંજૂરી લેવી પડશે. જ્યારે વર્ગ ૧ અને વર્ગ ૨ના અધિકારીઓ માટે રાજ્ય ચૂંટણી આયોગની મંજૂરી ફરજિયાત રાખવામાં આવી છે. આ નિર્ણયથી ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની કામગીરીમાં ખલેલ ન પડે તે સુનિશ્ચિત કરવામાં આવશે. હાલ રાજ્યમાં ચૂંટણીને લઈને રાજકીય વાતાવરણ ગરમાયું છે. વિવિધ પક્ષોના ઉમેદવારો જાહેર થઈ ચૂક્યા છે અને પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સમગ્ર તંત્રને સજ્જ રાખવામાં આવ્યું છે. પોલીસ તથા વહીવટી તંત્રને ૨૪ કલાક એલર્ટ પર રહેવા માટે સૂચના આપવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ દેખરેખ રાખવામાં આવશે અને જરૂર મુજબ વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવશે.

અમરેલી ખાતે યોજાયેલ યોગ શિબિરનો લાભ લેતાં શહેરીજનો

ગુજરાત રાજય યોગ બોર્ડ અંતર્ગત અમરેલી જિલ્લામાં એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. હાલમાં જિલ્લામાં આશરે ૫૫ જેટલા નિઃશુલ્ક યોગ વર્ગો નિયમિત રીતે ચાલી રહ્યા છે, જે ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં યોગ પ્રત્યે જનજાગૃતિ ફેલાવવા અને લોકોમાં સ્વસ્થ જીવનશૈલી વિકસાવવા માટે મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યા છે. આ પહેલાના ભાગરૂપે યોગ ટ્રેનર અનિતાબેન રામાણી દ્વારા વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં યોગ કોઓર્ડિનેટર સાગર મહેતા તથા યોગ ટ્રેનર હેતલબેન ખુંટ અને સોનલબેન રામાણી ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન યોગાસન, પ્રાણાયમ તથા આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું અને ''મેદસ્વિતા મુકત – સ્વસ્થ ગુજરાત''ના સંદેશ સાથે લોકોને નિયમિત યોગ તરફ પ્રેરિત કરવામાં આવ્યા.

તાલુકા અને જિલ્લા પંચાયતનાં ઉમેદવારો સાથે

જંગર ખાતે સ્થાનિક ચૂંટણીને લઈને રાજયમંત્રી વેકરિયાની બેઠક યોજાઈ

ચૂંટણી માટે વ્યૂહરચના બનાવાઈ

અમરેલી, તા. ૧૩

કુંકાવાવ તાલુકાના જંગર મુકામે રાજયના મંત્રી કૌશિક વેકારીયાએ મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવારો તેમજ ટેકેદારો હાજર રહ્યા હતા.

આવતી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ બેઠકમાં વિસ્તારના વિકાસના મુદ્દાઓ, જનતાની અપેક્ષાઓ અને સંગઠનની મજબૂતી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. મંત્રીએ કાર્યકર્તાઓને પ્રચારની અસરકારક વ્યૂહરચના અંગે માર્ગદર્શન આપ્યું અને મતદારો સુધી સરકારના વિકાસકાર્યોનો સકારાત્મક સંદેશ પહોંચાડવા સૂચના આપી.

બેઠક દરમિયાન દરેક કાર્યકર્તાને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સંકલિત પ્રયત્નો કરવા પ્રેરણા આપવામાં આવી. સાથે જ, ચૂંટણીમાં જીત મેળવવા માટે એકતા, સંકલન અને સમર્પણ સાથે કામ કરવાની જરૂરિયાત પર ભાર મુકાયો. આ બેઠકમાં ઉપસ્થિત તમામ ઉમેદવારો અને ટેકેદારોએ આગામી ચૂંટણીમાં વિજય માટે એક જૂટ થઈને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી. સ્થાનિક રાજકારણમાં આ બેઠકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

'સિમ્બોલ ઓફ નોલેજ : ડોકટર આંબેડકર'

અમરેલી, તા.૧૩

૧૪ મી એપ્રિલ એટલે દલિતોની દિવાળી. આજના દિવસે દલિતો વંચિતો અને સ્ત્રીઓના મુક્તિદાતા ડોકટર બાબા સાહેબ આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ ના રોજ મહુ છાવણીમાં થયો હતો. માતાનું નામ ભીમાબાઇ અને પિતાનું નામ રામજી સકપાલ. ડોકટર આંબેડકર પ્રખર કાયદાશાસ્ત્રી, સમાજ સુધારક અને ભારતીય બંધારણના ઘડવૈયા હતા. બાબા સાહેબને બાળપણથી જ ભારતીય જાતિ વ્યવસ્થા અને અસ્પૃશ્યતાનો કડવો અનુભવ થયો હતો. સ્કૂલમાં તેમને અન્ય વિદ્યાર્થીઓથી અલગ બેસાડવામાં આવતા હતા. ડોકટર બાબાસાહેબ ભણવામાં અત્યંત તેજસ્વી હતા. હંમેશા અવ્વલ નંબરે ઉત્તીર્ણ થતા હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિથી તેઓએ ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. મેટ્રિક પાસ થયા પછી મુંબઈની એલફિસ્ટન કોલેજમાંથી બી.એ. થયા. આ કોલેજમાં તેઓ સંસ્કૃત ભણવા માગતા હતા પરંતુ અધ્યાપકના સંકીર્ણ વિચારોના કારણે ભણી શકયા નહીં, તેમ છતાં તેમણે સંસ્કૃત ભાષા સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષાના તેમના જ્ઞાનનો પરિચય તેમના બે પુસ્તકો આપે છે, 'શુદ્રકોણ ? તથા 'શુદ્રની ખોજ'

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી તેઓએ રાજયશાસ્ત્ર, દર્શન શાસ્ત્ર, માનવ વિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કરી એમ.એ.તેમજ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસમાંથી એમ એસ.સી.અને ડીએસસીની ડિગ્રી મેળવી. લન્ડનમાંથી તેઓએ બેરિસ્ટરની પદવી પણ પ્રાપ્ત કરી. દેશમાં આવ્યા પછી તેઓ રાજયનીતિ શાસ્ત્રના અધ્યાપક તરીકે નિયુક્ત થયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા. ડોકટર બાબા સાહેબનું સમાજ સુધારણાના ક્ષેત્રમાં તેમજ રાજકીય ક્ષેત્રમાં અપ્રતિમ યોગદાન રહ્યું. તેઓએ અસ્પૃશ્યતા વિરૂદ્ધ ઘણા આંદોલનો ચલાવ્યા જેમકે મહાડ સત્યાગ્રહ તેમજ કાલા રામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ. તેઓએ દલિતો માટે અનેક સંસ્થાઓ અને પત્રિકાઓ શરૂ કરી દલિતોના અધિકારો માટે લડયા. સ્વતંત્ર ભારતના તેઓ પ્રથમ કાયદા અને ન્યાયમંત્રી બન્યા. સંવિધાન સભામાં ડ્રાફિટંગ કમિટીના અધ્યક્ષ તરીકે તેઓએ ભારતીય બંધારણનો મુખ્ય ખરડો તૈયાર કર્યો. ૨૬ નવેમ્બર ૧૯૪૯ માં બંધારણનો સ્વીકાર થયો અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી તેનો અમલ થયો. તેઓને ભારતીય બંધારણના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેઓ દસથી વધુ ભાષાઓ જાણતા હતા.

પૂર્વ પ્રો.ડો.આર.એમ.રાઠોડ, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલી

૧૯૩૦માં પ્રથમ ગોળમેજી પરિષદમાં ડોકટર બાબા સાહેબે દલિતોનો અવાજ રજૂ કરીને જણાવ્યું કે અમને લાગે છે કે દલિતોની દશા ગુલામોથી બદતર છે દલિતોના દુઃખ કોઈ અન્ય નહીં દૂર કરી શકે જયાં સુધી અમારા હાથોમાં રાજકીય શકિતના આવે. ૧૯૩૨ માં ૧૪મી સપ્ટેમ્બરના રોજ યરવડા જેલ પુનામાં ગાંધી અને બાબાસાહેબ વચ્ચે પુના કરાર થયા. ત્યારબાદ નેહરૂ કેબિનેટમાં સ્ત્રીઓને સમાન હક આપવા માટે તેમણે હિંદુ કોડ બિલ રજૂ કર્યું જેના કારણે તેમણે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું. ૧૯૫૬ ૧૪ મી ઓકટોબરના રોજ તેઓએ લાખો અનુયાયીઓ સાથે બેધ ધર્મનો અંગકાર કર્યો. ત્યારબાદ ૧૯૫૬ ડિસેમ્બરના રોજ માનવતાના આ મસીહાએ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. ૧૯૯૦ માં તેઓને મરણોત્તર ભારતરત્ન થી નવાજવામાં આવ્યા. બાબા સાહેબે સમાજના ઉત્થાન માટે અનેક સંસ્થાઓની સ્થાપના કરી જેમાં સમતા સૈનિક દળ, શેડ્યુલ કાસ્ટ ફેડરેશન, પીપલ્સ એજયુકેશન સોસાયટી, સિદ્ધાર્થ કોલેજ ઓફ કોમર્સ અને ઈકોનોમિકસ, તેમજ સિદ્ધાર્થ કોલેજ. બાબાએ સમાજના ગરીબ વંચિત તથા દલિતોને મુકિતનો મંત્ર આપતા કહ્યું કે શિક્ષિત બનો સંગઠિત બનો અને સંઘર્ષ કરો તેમણે સમાજને કહ્યું કે મેં તમારા માટે જે કંઈ પણ કર્યું છે તે ખૂબ જ મુસીબતો અત્યંત દુઃખો અને અનેક વિરોધીઓનો મુકાબલો કરીને કર્યું છે આ કાફલો આજે જે જગ્યા પર છે તે જગ્યા પર હું ખૂબ જ મુસીબતો પછી લાવ્યો છું તમારો કર્તવ્ય છે કે આ કાફલો હંમેશા આગળ જ વધતો રહે ભલે ગમે તેટલી મુશ્કેલી કેમ ના આવે અગર મારા અનુયાયીઓ તેને આગળ ન વધારી શકે તો તેને ત્યાં જ છોડી દે પણ કોઈ પણ હાલતમાં તેને પાછળ ન જવા દે મારા લોકોને મારો આજ અંતિમ સંદેશ છે.

આજના પાવન પર્વ નિમિત્તે ડોકટર બાબા સાહેબને કોટી કોટી નમન.

બગસરામાં ચૂંટણી પૂર્વે તૈયારી તેજ : મંત્રી કૌશિક વેકરિયાની હાજરીમાં વ્યૂહરચના બેઠક

બગસરા,તા.૧૩

બગસરા નગરપાલિકા વિસ્તારમાં આવનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નગરપાલિકાના ઉમેદવારઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખાસ કરીને રાજયના મંત્રી કૌશિક વેકારીયાની હાજરીએ બેઠકને વધુ મહત્વપૂર્ણ બનાવી હતી.

બેઠક દરમિયાન શહેરના સર્વાંગી વિકાસ, નાગરિક સુવિધાઓમાં વધારો અને લોકો સુધી સરકારના વિકાસકાર્યો પહોંચાડવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. સાથે જ પ્રચારની અસરકારક વ્યૂહરચના ઘડવા અને મતદારો સુધી સીધી પહોંચ સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું.

મંત્રીએ ઉમેદવારોને સંગઠનની શકિત મજબૂત બનાવી જનજન સુધી સકારાત્મક સંદેશ પહોંચાડવા પ્રેરિત કર્યા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે એકતા અને સંકલન સાથે કાર્ય કરવાથી જ ભવ્ય વિજય હાંસલ કરી શકાય છે.

બેઠકના અંતે તમામ ઉમેદવારો અને કાર્યકર્તાઓએ એકજૂટ થઈને ચૂંટણીમાં જીત મેળવવા માટે સમર્પિત પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી. આ બેઠકને આવનારી ચૂંટણી માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

ભજન, ભોજન અને ગૌસેવાનાં સંદેશ સાથે

બાબરા ખાતે રાજપોપટ પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનો શનિવારથી પ્રારંભ

ગૌરક્ષકો અને પત્રકારોનું પણ સન્માન કરાશે

બાબરા, તા. ૧૩

બાબરા ખાતે આવેલ તાપડિયા આશ્રમમાં મુંબઈ નિવાસી રાજપોપટ પરિવાર દ્વારા પરમ પૂજય ૧૦૦૮ મહામંડલેશ્વર ઘનશ્યામદાસજી મહારાજ તથા ગુરૂ દયારામદાસજી મહારાજના પાવન સાનિધ્યમાં તા. ૧૮/૦૪/૨૦૨૬ થી ૨૫/૦૪/૨૦૨૬ દરમિયાન શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સપ્તાહ દરમિયાન ભજન, ભોજન અને ગેસેવાના સંદેશ સાથે અનેક ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જે ભકતજનો માટે આધ્યાત્મિક આનંદનો અનોખો અવસર સાબિત થશે.

મૂળ બાબરા અમરાપરા નિવાસી અને હાલ મુંબઈ સ્થિત ગૌ.વા. ધનકુંવરબેન નંદલાલભાઈ રાજપોપટ પરિવાર દ્વારા અનિલભાઈ નંદલાલભાઈ રાજપોપટના શષ્ટિપૂર્તિ (જીવનના ૬૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે) આ પાવન આયોજન કરવામાં આવ્યું છે.

વિશેષરૂપે તા. ૧૯/૪/૨૬ના રોજ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ગૌ રક્ષકોનું સન્માન કરવામાં આવશે. જે પોતાના જીવના જોખમે મૂંગા અને અબોલ પશુધનને બચાવી ગૌ રક્ષા જેવી પવિત્ર સેવા બજાવી રહ્યા છે. આ સાથે પત્રકારોના સન્માનનો કાર્યક્રમ પણ યોજાશે, જે સમાજમાં સકારાત્મક કાર્યને પ્રોત્સાહન આપશે.

શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ તા. ૧૮/૦૪/૨૦૨૬ના રોજ અમરાપરા સ્થિત રામજી મંદિરથી ભવ્ય પોથીયાત્રા સાથે થશે, જે તાપડિયા આશ્રમ સુધી પહોંચશે. કથાના વ્યાસપીઠ પર વિદ્વાન આચાર્ય ઘનંજયભાઈ વ્યાસ પોતાની સંગીતમય અને ભાવસભર શૈલીમાં ભાગવત કથાનું રસપાન કરાવશે.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અને વધુમાં વધુ ભકતજનો આ આધ્યાત્મિક મહોત્સવનો લાભ લે તે માટે રાજપોપટ પરિવારના વડીલ મોભી વિનુભાઈ રાજપોપટ દ્વારા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ગુરૂવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા.૧૩

રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી આગામી ગુરૂવારે તા.૧૬–૦૪–૨૬ ના રોજ લાઠી તાલુકાનાં ભૂરખીયા ગામે સ્વયં પ્રગટ શ્રી ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), સુદર્શન નેત્રાલય અમરેલી અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટ દ્વારા સવારનાં ૮ થી બપોરનાં ૧૨ સુધી આયોજન કરવામાં આવેલ હોય આંખના દર્દીઓએ આધાર પુરાવા સાથે આવી જવા આયોજકોએ જણાવેલ છે. જરૂરિયાત મુજબ દર્દીઓને મોતિયાના

ઓપરેશન વિના મૂલ્યે કરી અપાશે, અને નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી આપશે.

ચૂંટણી લડવા માટે કાર્ય નથી કરતો એવું કહેનાર

બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી

ભાજપનું આમંત્રણ ફટાફટ સ્વીકારી લીધુ

બગસરા, તા. ૧૩

બગસરા નગરપાલિકાનો અવારનવાર વિરોધ કરનાર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે અગાઉ ચૂંટણી માટે નહીં પરંતુ લોકોની સેવા માટે કાર્ય કરતા હોવાનું જણાવ્યું હતું પરંતુ ભાજપે તક આપતા જ ગોઠવાઈ જતા લોકોને આશ્ચર્ય સર્જાયું છે.

મળેલ માહિતી મુજબ બગસરા નગરપાલિકાને અનેકવાર તેની વહીવટી ભૂલો બદલ છેક હાઈકોર્ટ સુધી લડત આપનાર બગસરા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ દિનેશભાઈ હડિયલ વારંવાર લોકો વચ્ચે એવો નિવેદન આપતા કે તેઓ ચૂંટણી માટે નહીં પરંતુ લોકોની સેવા માટે કાર્ય કરી રહ્યા છે. ચોમાસા દરમિયાન પડેલા ખાડાઓ પુરાવા માટે તેમને શરૂ કરેલા અભિયાન સમયે મીડિયા સમક્ષ પણ એવું જ નિવેદન આપ્યું હતું કે ભવિષ્યમાં આવનાર ચૂંટણીને ધ્યાનમાં રાખી હું કયારેય કાર્યકર્તા નથી. પરંતુ ભાજપ દ્વારા ઉમેદવારી કરવાની તક આપતા જ પોતાના તમામ સિદ્ધાંતો નેવે મૂકી રાજકીય હોદો મેળવવા માટે હોશે હોશે વોર્ડ નંબર ૨માંથી ઉમેદવારી પણ નોંધાવી લોકોને પણ આશ્ચર્યમાં મૂકી દીધા હતા.

વારંવાર વિવાદનો મધપૂડો છેડનાર ચેમ્બર પ્રમુખ પક્ષનો ખેસ પહેરી લોકો પાસે મતની માગણી કરતા જોવા મળી રહ્યા છે. ભાજપની જ નગરપાલિકાની વિરૂધ્ધ હાઈકોર્ટ સુધી રીટ કરનારને શિસ્તમાં માનનારા પક્ષે ઉમેદવારીની તક કેમ આપી ? આ પ્રશ્નને કારણે કાર્યકરોમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે.

દીકરીઓની પ્રતિભા ઝળકી ઉઠી

સાવરકુંડલાની ગર્લ્સ હાઈસ્કુલમાં ઈનામ વિતરણ કાર્યક્રમ સંપન્ન

વિજેતાઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ એનાયત કરાયા

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં આવેલ એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ અને એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ–સાવરકુંડલા ખાતે તાજેતરમાં વિદ્યાર્થીનીઓના કૌશલ્યને બિરદાવવા માટે એક ભવ્ય ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૧/૪/૨૬ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં ''ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયાડ'' (ISO-ICO) અને ''રંગોત્સવ'' જેવી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીનીઓને સન્માનિત કરવામાં આવી હતી.શાળાના પ્રાંગણમાં આયોજિત આ કાર્યક્રમની શરૂઆત પવિત્ર પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયાએ પ્રાસંગિક પ્રવચન આપતા તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે આવી સ્પર્ધાઓથી વિદ્યાર્થીનીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે છે.

વિવિધ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓને આચાર્યા ઉષાબેન બી. તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તેમજ હિમાંશુભાઈ બોરીસાગર અને મેહુલભાઈ મહેતાના હસ્તે ઈનામ રૂપે શિલ્ડ અને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક દીકરીને પણ પ્રમાણપત્ર આપી તેમની મહેનતને બિરદાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેહુલભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાલીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દીકરીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

અમરેલી : વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ડો.આંબેડકરજીની સમરસતા યાત્રાનું આયોજન

અમરેલી, તા.૧૩

વિશ્વ હિન્દુ પરિષદના સંસ્થા વિભાગ દ્વારા સમગ્ર દેશમાં સામાજિક સમરસતા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તેનું અમરેલી ખાતે યાત્રા આગમન થનાર છે યાત્રા સંયોજક પ્રકાશભાઈ શુકૂલના જણાવ્યા મુજબ ૧૪/૪/૨૦૨૬ ના સાંજે ચાર કલાકે અમરેલી કુંડલા બાયપાસ ખાતે આવી પહોંચશે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર અને જિલ્લા ટીમ દ્વારા જીલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન અને મનુ ભાઈ અસલાલીયાના નેતૃત્વમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે સાવરકુંડલા રોડ થી પ્રથમ ગૌ પૂજન ગીગેવ ગૌ શાળા ખાતે કરી રામદેવપીરના મંદિરે આરતી અને પૂજન ત્યારબાદ સરદાર ચોક, હીરામણી ચોક, ભીડભંજન ચોક, રાજકમલ ચોક સંત મુળદાસ ચોક, સંત હરિરામ બાપા ચોક થઈ બાબાસાહેબ આંબેડકરજી હોલ ખાતે સંપન્ન થશે.

આ યાત્રામાં રાષ્ટ્રીય સમરસતા પ્રમુખ દેવજીભાઈ રાવત ગુજરાત પ્રદેશ સમરસતા પ્રમુખ રસેશભાઈ રાવળ ગુજરાત ક્ષેત્રના મંત્રી અશ્વિનભાઈ પટેલ સૌરાષ્ટ્રના ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી ભાવનગર વિભાગના મંત્રી મહેશભાઈ કણજારીયા સૌરાષ્ટ્ર પ્રાંતના સહમંત્રી રસિકભાઈ કણજારીયા યાત્રા સંયોજક આલકુભાઈ ખાચર, સહિત વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓ યાત્રામાં જોડાશે.

બોટાદ થી પ્રસ્થાન થયેલી વિભાગી સમરસતા યાત્રા અમરેલીમાં સમાપન થશે આ પ્રસંગે સંત જીતુબાપુ, ખોડુ બાપુ નાગદેવતા મંદિરના મહંત હાર્દિક ગીરીબાપુ, અરવિંદ ભાઈ સીતાપાપરા, ભાનજીભાઈ બગડા વગેરેની ઉપસ્થિતિમાં સમાપન થશે, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરમંત્રી પંકજભાઈ કાનાણીની યાદીમાં જણાવેલ છે.

અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલ ખાતે ૨૧ દિવસીય વૈદિક મહાયજ્ઞનું આયોજન

ભારતીય વૈદિક સંસ્કૃતિની અમૂલ્ય ધરોહરને જાળવી રાખવા સામાજિક સમરસતા અને વિદ્યાર્થીઓમાં સંસ્કારસભર જીવનમૂલ્યોનું સિંચન થાય તે હેતુસર અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે સળંગ ૨૧ દિવસ સુધી દરરોજ અલગ–અલગ અગ્રણીઓની પ્રોત્સાહક ઉપસ્થિત રહી વિ શાંતિ યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞના ૨૦માં દિવસે અમરેલી જિલ્લા ખોડલધામ કમીટીઅને ખોડલધામ મહિલા સમિતી તથા સામાજિક શ્રેષ્ઠીઓ પણ સાથે જોડાયા. ઉપસ્થિત સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું કે આ યજ્ઞમાં હનુમાનજી રક્ષા કવચ મંત્રના જપ સાથે ૧૦૮ આહુતિઓ અર્પણ કરી અદભૂત સકારાત્મક ઉર્જાનો સંચાર કરવામાં આવ્યો હતો. સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિકતા, શાંતિ અને પવિત્રતાનો અનોખો અનુભવ સર્જાયો હતો. તેમજ ઉપસ્થિત અમરેલી જિલ્લા ખોડલધામ કમીટી અને ખોડલધામ મહિલા સમિતીના શ્રેષ્ઠીઓ દ્વારા સર્વોતમ શિક્ષણના સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન અને કેમ્પસ મેનેજમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવેલ આવા ભગીરથી કાર્ય માટે જણાવ્યું કે આ યજ્ઞ સૌના કલ્યાણ અર્થે ભારતીય વૈદિક સંસ્કૃતિ યજ્ઞ દ્વારા વિમાં ફેલાયેલી અશાંતિ, મહામારી અને યુદ્ધના માહોલને શાંત કરવા તેમજ વિદ્યાર્થીઓમાં નિયમિતતા, ડિસીપ્લીન, માતા–પિતા–વડીલો પ્રત્યે આદરભાવ, નિષ્ઠાવાન વ્યકિતત્વ વિકાસ, સંયમ, જીવનમાં ઉચ્ચ વિચારોનું સિંચન અને શ્રેષ્ઠ સંસ્કારોનું ઘડતર થાય છે તેવી સૌરાષ્ટ્રની એક માત્ર સંસ્થા છે જે આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. આ સાથે કરાટે ગેમમાં અવલ નંબર પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા ખોડલધામ કમીટી અને ખોડલધામ મહિલા સમિતી દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા. નોંધનીય છે કે આ સંસ્થામાં ભાઈઓ અને બહેનો માટે અલગ અને સુવ્યવસ્થિત નિવાસ વ્યવસ્થા ઉપલબ્ધ છે. ભોજનાલયથી લઈને રવિવારના મોટિવેશનલ કાર્યક્રમો, ફિલ્મ શો તેમજ વિવિધ ઉજવણી કાર્યક્રમો પણ ભાઈઓ અને બહેનો માટે અલગ–અલગ આયોજન સાથે સુચારૂ રીતે સંચાલિત કરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સંસ્કાર અને ઉત્સાહનો સંચાર થાય છે તેમજ વાલીઓમાં સંસ્થાની સુવ્યવસ્થિત વ્યવસ્થા અને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રત્યે વિસ મજબૂત બન્યો છે. આ અમુલ્ય યજ્ઞને સફળ બનાવવા સ્કૂલ મેનેજમેન્ટ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

અમરેલી વોર્ડ નં. ૯માં ભાજપે શિક્ષિત મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા

અમરેલી, તા. ૧૩

અમરેલી નગરપાલિકાની ચૂંટણીનો જંગ હવે જામશે. ત્યારે ભારતીય જનતા પાર્ટીએ વોર્ડ નંબર ૯માં રેશ્માબેન વાઘેલાને મેદાનમાં ઉતર્યા છે. તેઓ અમરેલીના જાણીતા પત્રકાર અને સામાજિક ક્ષેત્રે ઊંડી ઓળખ ધરાવતા ભાવેશભાઈ વાઘેલાના ધર્મપત્ની છે. ભાવેશભાઈ વર્ષોથી પત્રકારત્વના માધ્યમથી છેવાડાના માનવીનો અવાજ બન્યા છે અને અનેક સામાજિક સેવાકીય કાર્યોમાં ખૂબ જ ઊંડાણપૂર્વક સક્રિય રહયાં છે. ત્યારે હવે તેમના ધર્મપત્ની રેશ્માબેન રાજકીય ફલક પર જનસેવા માટે મેદાનમાં ઉતરતા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભાજપના 'સ્વચ્છ શહેર, મજબૂત નેતૃત્વ'ના સંકલ્પને સાકાર કરવા માટે રેશ્માબેને કમર કસી રહયાં છે. ઉમેદવારી નિશ્ચિત થયા બાદ રેશ્માબેને જણાવ્યું હતું કે, તેમની પ્રાથમિકતા સત્તા નહીં પણ જનતાના પાયાના પ્રશ્નોનો ઉકેલ લાવવાની છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે વોર્ડ નંબર ૯ના દરેક વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા અને પાકા સીસી રોડ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ તેમનું પ્રથમ લક્ષ્ય રહેશે.

આ ઉપરાંત, શહેરમાં શેરી લાઈટો અને નિયમિત સફાઈ અભિયાન દ્વારા વોર્ડને આદર્શ બનાવવાનો તેમનો દ્રઢ નિર્ધાર છે. ખાસ કરીને રેશ્માબેનની ઉમેદવારી જાહેર થતા જ વોર્ડ નંબર ૯ના રહીશોમાં એક અનેરો આનંદ અને ખુશીની લહેર પ્રસરી ગઈ છે. લોકોમાં એવી ચર્ચા છે કે એક શિક્ષિત અને પત્રકારત્વના પારિવારિક વારસા સાથે જોડાયેલા મહિલા ઉમેદવાર આવવાથી સામાન્ય જનતાના પ્રશ્નોને પાલિકાના બોર્ડમાં યોગ્ય વાંચા મળશે.

રેશ્માબેને લોક સંપર્ક દરમિયાન પણ મતદારોના પ્રશ્નોને સાંભળવાને વધુ મહત્વ આપ્યું છે, જેના કારણે તેમની છબી એક સંવેદનશીલ અને કાર્યદક્ષ ઉમેદવાર તરીકે ઉભરી રહી છે. ભારતીય જનતા પાર્ટીના આ મજબૂત ઉમેદવારને વિજયી બનાવવા માટે અત્યારથી જ વિસ્તારના લોકોમાં ભારે જનસમર્થન જોવા મળી રહ્યું છે.

નવી બનેલ પાલિકામાં ભાજપને મળી સફળતા

ધારીમાં પુર્વ ધારાસભ્ય મનસુખ ભુવા સહિત સમગ્ર પેનલ બિનહરિફ

બાકી રહેતા ૬ વોર્ડની ચૂંટણીનું મતદાન યોજાશે

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાની ધારી નગરપાલિકાની જહેર્વ થયેલ પ્રથમ ચૂંટણીમાં ભાજપે શરૂઆતથી જ પોતાની જીતના શ્રી ગણેશ કરી દીધો છે. ધારી નગરપાલીકા વોર્ડ નં. ૩ માં ભાજપની પેનલ સામે માત્ર બે હરીફ ઉમેદવારો ઉભા રહ્યા હતા, આજે ઉમેદવારીપત્ર ચકાસણી કરવામાં આવતાં બે હરીફ પૈકી એકનું ફોર્મ રદ થયું. અને બીજા ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા સહિત ભાજપના ચારેય ઉમેદવારો બિનહરીફ વિજયી બન્યાં છે.

ધારી નગરપાલિકાની ચૂંટણીને લઈને શરૂઆતથી જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો હતો, પરંતુ આજે ફોર્મ ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયા બાદ ભાજપ માટે સારા સંકેતો મળ્યા છે. વોર્ડ નંબર ૩ માં ભાજપની પેનલ સામે માત્ર બે ઉમેદવારો જ મેદાનમાં હતા. તે હરીફ ઉમેદવારના ફોર્મ ચકાસણી દરમિયાન એક ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. જયારે અન્ય ઉમેદવારે પોતાનું ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના તમામ ચાર ઉમેદવારો બિનહરીફ વિજયી બન્યા છે. જેમાં પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા પણ સામેલ છે.

આ ધારી નગરપાલિકામાં આખી પેનલ બિનહરીફ થતાં આ જીતને પગલે ધારી ભાજપમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. ભાજપના કાર્યકરોએ ધારીની મુખ્ય બજારમાં ફટાકડા ફોડી અને એકબીજાને મોં મીઠું કરાવીને જીતની ઉજવણી કરી હતી.

ધારી નગરપાલિકાના કુલ ૭ વોર્ડમાંથી ૧ વોર્ડ બિનહરીફ જાહેર થતાં હવે બાકીના ૬ વોર્ડમાં ચૂંટણી યોજાશે. પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બાકી રહેલા તમામ ૬ વોર્ડમાં પણ ભાજપ જીત હાંસલ કરશે. આ રીતે ધારી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે શરૂઆતથી જ મજબૂત પકડ બનાવી છે. અને આગામી પરિણામોને લઈને પક્ષમાં આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે.

'આપ' માંથી ભાભી અને ભાજપમાંથી દિયર મેદાનમાં

અમરેલી : પાલિકાના વોર્ડ નં.૧૧માં દિયર અને ભાભી વચ્ચે ચુંટણીજંગ

વોર્ડ નં.૯ માં દેરાણી–જેઠાણી વચ્ચે પણ જંગ છે

અમરેલી, તા. ૧૩

અમરેલી નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે વધુ એક અનોખો અને ચર્ચાસ્પદ ચૂંટણી જંગ જોવા મળી રહ્યો છે. અમરેલી પાલિકાના વોર્ડ નંબર ૧૧ માં દિયર અને ભાભી વચ્ચે ચૂંટણી અંગે સીધી ટક્કર જ સર્જાઈ છે, જેના કારણે રાજકીય વાતાવરણ ગરમાયું છે.

આ વોર્ડમાં દિયર ભાવેશ ચાવડાએ આમ આદમી પાર્ટી તરફથી ઉમેદવારી નોંધાવી છે, જયારે તેમની ભાભી સંગીતાબેન ચાવડાને ભાજપ પાર્ટીએ ટિકિટ આપતા તેઓ ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. એક જ પરિવારના બે સભ્યો હવે અલગ–અલગ પક્ષમાંથી સામસામે લડી રહ્યા હોવાથી મતદારોમાં પણ ભારે રસ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્તરે આ ચૂંટણી જંગ ખાસ ચર્ચાનો વિષય બન્યો છે, કારણ કે પરિવારજનો વચ્ચેની આ રાજકીય ટક્કર અમરેલી નગરપાલિકાના ઈતિહાસમાં દુર્લભ માનવામાં આવે છે. બંને ઉમેદવારો પોતાના–પોતાના પક્ષના સમર્થન સાથે જીત માટે જોરદાર પ્રચાર કરી રહ્યા છે.

આ ઉપરાંત, અમરેલી નગરપાલિકાની આ ચૂંટણીમાં વોર્ડ નં. ૯ માં દેરાણી – જેઠાણી વચ્ચે ટક્કર સર્જાતા રાજકીય માહોલ વધુ રસપ્રદ બન્યો છે. આવા પરિવારિક રાજકીય મુકાબલાઓને કારણે આ વખતે અમરેલી નગરપાલિકાની ચૂંટણી લોકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે.

અમરેલી : રાજકોટનાં બે ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એલસીબી

અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે રાજકોટના માલવીયાનગર પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨), ૩(૫) તથા રાજકોટના એ ડીવીઝન પોલીસ સ્ટેશનના રાજુલબેન તાલુકાના હિંડોરણા ગામે રહેતાં સુનીલ વિનુભાઈ સોલંકી નામનાં આરોપીને બાતમીના આધારે રાજુલા તાલુકાના હિંડોરણા ગામેથી પકડી પાડવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લામાં આજે ડો. બાબાસાહેબ

વિષમતામાંથી દેશ અને દલિતોને મુકિત અપાવનાર મહાન મુકિતદાતા, બૌધિસત્વ પરમ પૂજય ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ આઝાદીના ૭૯ વર્ષ બાદ સૌપ્રથમ વાર જીલ્લા કક્ષાનો અમરેલી ગામે ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવશે. સર્વ માનવ જાતીનાં ઉચ્ચારક અને જેને વિએ સિમ્બોલ ઓફ નોલેજની પદવી આપેલ છે. તેઓ કરોડો દલીતોના હદય સમ્રાટ ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી નિમિત્તે આવતીકાલે અમરેલીનાં રાજ માર્ગો ઉપર શોભાયાત્રા કાઢી સભા સંબોધન અને ભવ્ય ભીમડાયરો કરી ધામધુમથી ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે.

ભારતની પુણ્ય ભુમી પર ૧૪ એપ્રિલ ૧૮૯૧ના દિવસે ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મ થયો તેઓએ જાતીવાદ વર્ણાશ્રમ વિરૂધ્ધ ભગવાન બુધ્ધનાં ચીધેલ મહામાર્ગે માનવતા સમાનતાની સ્થાપના કરી દેશના કરોડો દલિતો, મહિલાઓ અને મુળનિવાસી એસ.સી., એસ.ટી., ઓબીસી એવા શોષીત પીડીતોની મુકિત માટેનો મહામાર્ગ કંડારેલ તો આવા ભારત રત્ન વિ વંદનિય મહામાનવની જન્મ જયંતી દિવસે અમરેલીના બહારપરા મુકામે ધામધુમથી ઉજવવાનું નકકી કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

જરૂરી ઉમેદવારો પણ ન મળ્યા

છેલ્લા ૩૦વર્ષથીવિપક્ષમાં રહેલ કોંગ્રેસનાં કાર્યકરો અને આગેવાનોમાંઉત્સાહનીકમીછે.તોબહુ રાડારાડ કરતી"આપ"પાર્ટીચૂંટણીનાં કપરાકાળમાંપુરતાઉમેદવાર પણશોધી શકતી નથી.

જો કે ભાજપ "રાઉન્ડ ધ કલોક"સંગઠનસહિતનાંકાર્યોકરેછેતો કોંગ્રેસચૂંટણીસમયેસક્રીયથાયઅનેબાદ પૂનઃ ભૂગર્ભમાંઉતરીજાયછે.આમાટે ભાજપ પાસેગાંધીનગર અનેદિલ્હીમાં શાસનહોવાનોપણફાયદોમળીરહ્યોછે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું શાસન છે ત્યાં સુધી ગુજરાતમાં વિપક્ષની દાળ ગળે એવું લાગતુ નથી.

સંકુલ CBSE બોર્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ
KG થી ધો. ૧૨ Co.Edu.
મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થાપક:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 009

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મોટી	૧૨૪૦	૧૬૧૫
૨	શિંગદાણા ફાડા	૧૪૫૦	૧૯૭૦
૩	તલ સફેદ	૧૪૨૦	૨૧૨૫
૪	તલ કાળા	૨૨૭૦	૩૯૪૦
૫	જુવાર	૭૮૦	૧૦૧૦
૬	ઘઉં ટુકડા	૩૬૫	૫૯૫
૭	ઘઉં લોકવન	૩૭૫	૫૧૦
૮	અડદ	૧૩૦૦	૧૪૫૦
૯	ચણા	૮૬૦	૧૦૬૫
૧૦	સફેદ ચણા	૧૦૧૫	૧૧૯૫
૧૧	છોલે ચણા	૧૧૬૦	૧૬૦૫
૧૨	ચોળી	૯૪૦	૯૪૦
૧૩	તુવેર	૭૯૦	૧૫૦૦
૧૪	કપાસ	૧૦૦૦	૧૮૦૫
૧૫	એરંડા	૧૦૨૫	૧૨૩૦
૧૬	જીરૂ	૨૪૦૦	૪૦૦૫
૧૭	રાય	૧૧૨૫	૧૪૭૫
૧૮	ધાણા	૨૪૭૫	૨૫૩૦
૧૯	ધાણી	૧૬૨૦	૨૮૯૦
૨૦	અજમા	૨૨૭૫	૨૨૭૫
૨૧	મેથી	૯૧૦	૧૨૭૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૬૦૦	૧૮૧૮
૨	કપાસ મીડીયમ	૧૪૫૦	૧૫૯૦
૩	મગફળી	૧૧૯૦	૧૫૦૦
૪	જીરૂ	૩૩૩૦	૪૧૬૦
૫	ચણા	૧૦૨૨	૧૦૫૮
૬	ઘઉં	૪૭૫	૫૩૫
૭	ધાણા	૧૪૧૦	૨૫૫૦
૮	તુવેર	૧૨૩૦	૧૪૮૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૨૦૦	૧૪૫૨
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૫૨૧
૩	શીંગ નવી	–	૧૫૨૫
૪	તલ સફેદ	૧૪૦૦	૧૯૦૦
૫	જીરૂ	૩૫૦૦	૪૧૫૦
૬	કપાસ	૧૫૦૦	૧૮૨૦
૭	ઘઉં લોકવન	૪૨૧	૫૧૦
૮	ઘઉં ટુકડા	૪૫૦	૫૮૨
૯	બાજરો	૪૭૫	૫૪૦
૧૦	જુવાર	૬૦૦	૯૩૬
૧૧	મકાઈ	૪૩૦	૪૬૦
૧૨	અડદ	૭૫૦	૧૦૫૦
૧૩	ચણા	૧૦૧૧	૧૦૬૮
૧૪	દેશી ચણા	૧૦૫૦	૧૧૨૧
૧૫	તુવેર	૧૩૫૦	૧૬૦૦
૧૬	એરંડી	૧૧૫૦	૧૨૩૦
૧૭	મેથી	૧૦૫૦	૧૨૦૦
૧૮	રાય/રાયડો	૧૦૦૦	૧૨૦૦
૧૯	ધાણા	૨૦૦૦	૨૨૨૦

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૪૦૧	૧૭૨૮
૨	મગફળી	૧૧૫૦	૧૩૦૬
૩	ચણા	૧૦૨૫	૧૦૪૫
૪	તુવેર	૧૩૭૫	૧૫૦૦
૫	ધાણા	૧૭૦૦	૨૩૦૦
૬	ઘઉં	૩૩૬	૪૦૭
૭	એરંડા	૧૧૪૦	૧૨૨૬
૮	બાજરો	૫૧૧	૫૧૧
૯	જીરૂ	૩૪૫૦	૩૮૫૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૫૦	૧૭૫૦
૨	ઘઉં લોકવન	૩૨૦	૪૬૧
૩	ઘઉં ટુકડા	૩૫૦	૪૨૦
૪	ચણા	૮૦૦	૧૦૩૮
૫	ધાણા	૧૨૦૦	૨૩૯૫
૬	એરંડી	૧૧૦૫	૧૨૦૦
૭	તુવેર	૮૦૦	૧૪૫૦
૮	મકાઈ	૪૨૦	૪૨૦
૯	મગફળી	૧૨૯૫	૧૪૦૦
૧૦	મેથી	૬૭૫	૧૧૯૦
૧૧	તલ કાળા	૧૮૦૦	૧૮૦૦
૧૨	બાજરો	૩૫૫	૩૫૫
૧૩	જુવાર	૯૦૦	૯૦૦
૧૪	શીંગદાણા	૧૬૦૦	૧૬૬૦
૧૫	રાય	૧૦૦૦	૧૩૦૦
૧૬	તલ સફેદ	૧૯૦૦	૧૯૫૦
૧૭	રાયડો	૧૧૧૫	૧૧૧૫
૧૮	લસણ	૨૦૦	૪૫૦

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૨૦૦	૧૨૬૦
૨	તલ સફેદ	૧૩૦૦	૨૧૧૦
૩	તલ કાળા	૨૮૦૦	૨૮૦૦
૪	કપાસ	૧૨૦૦	૧૭૧૭
૫	બાજરો	૩૦૦	૫૨૯
૬	ઘઉં ટુકડા	૩૧૧	૫૬૮
૭	જુવાર	૩૦૦	૯૭૦
૮	તુવેર	૧૦૧૫	૧૪૭૧
૯	ચણા	૭૦૦	૧૦૪૮
૧૦	ધાણા	૧૪૦૦	૧૪૦૦

લીલીયા મોટા : ધારાસભ્ય કસવાલા દ્વારા ઉમેદવારો સાથે પરિચય/સંવાદ કાર્યક્રમ યોજાયો

લીલીયા તાલુકાના અંટાળીયા ખાતે આવેલ અંટાળેર મહાદેવના સાનિધ્યમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આગામી ચૂંટણીને પ્રયાનમાં રાખીને ઉમેદવારો સાથે પરિચય/સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં લીલીયા અને કાંકચ એમ બે જિલ્લા પંચાયતના સીટના ઉમેદવાર તેમજ તાલુકા પંચાયતના ૧૬ ઉમેદવારો સાથે પરિચય/સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જિલ્લા અને તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવારો સાથે બેઠક યોજીને વિજયનો મંત્ર આપ્યો હતો લીલીયા ભાજપ પક્ષના નવનિયુકત ઉમેદવારોને આગામી દિવસોમાં આકમક અને સચોટ પ્રચાર કરવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી દ્વારા અગત્યનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે સાથે સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી એટલે કે 'ઘર–ઘર' સુધી પહોંચાડવા પર આવેલ મહાનુભાવો દ્વારા ભાર મૂકવામાં આવ્યો આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ગુજરાત સરકારની ગ્રાન્ટમાંથી વિસ્તારમાં થયેલા વિકાસના કામો અને સરકારની સિદ્ધિઓને મતદારો સમક્ષ રજૂ કરવા જણાવેલ બેઠક દરમિયાન મહેશભાઈ કસવાલાએ ખાસ કરીને મતના મહત્વ પર ભાર મૂકતા ઉમેદવારોને ચેતવણીભર્યું માર્ગદર્શન આપ્યું હતું આ તકે 'એક એક મતથી સરકાર બની પણ શકે છે અને પડી પણ શકે છે. તેથી, એક પણ મત બાકી ન રહે અને વધુમાં વધુ મતદાન થાય તેવા સઘન પ્રયત્નો કરવા અંગે માર્ગદર્શન અપાયું હતું આ તકે લીલીયા જિલ્લા પંચાયત સીટના ઉમેદવાર જીગ્નેશ સાવજ, જયસુખ સુરાણી, મયુરભાઈ માંજરીયા, દિવ્યેશભાઈ વેકરીયા, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વિંછીયા, ભનુભાઈ ડાભી, અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત, કાનજીભાઈ નાકરાણી, નિર્મલભાઈ ખુમાણ સહિતના વિસ્તારના કાર્યકરો આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

સાવરકુંડલા : સૂરોની મલ્લિકા આશા ભોંસલેનું ૯૨ વર્ષની વયે નિધન, સંગીત જગતમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ

સાવરકુંડલા, તા. ૧૩

ભારતીય સંગીત જગતનો એક ઝળહળતો સિતારો આજે અસ્ત થયો છે. વિવિખ્યાત ગાયિકા આશા ભોંસલેનું ૯૨ વર્ષની જૈફ વયે મુંબઈની બ્રીચ કન્ડી હોસ્પિટલમાં નિધન થયું છે. ગઈકાલે તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યા બાદ દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ લાંબા સમયથી ફેફસાંની બીમારી અને ઉંમર સંબંધી તકલીફોથી ઝઝૂમી રહ્યા હતા. મહારાષ્ટ્રના સંસ્કૃતિ મંત્રી આશિષ શેલારે જણાવ્યું છે કે, તેમના અંતિમ સંસ્કાર ૧૩ એપ્રિલના રોજ સાંજે ૪:૦૦ કલાકે મુંબઈના શિવાજીપાર્ક ખાતે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવશે.

આશાજીના નિધનના સમાચાર આપડું કુંડલા પત્રકાર પાંધીસર ડીજીટલ ન્યૂઝ પર પ્રસારિત થતા જ સાવરકુંડલા શહેર અને પંથકમાં ગમગીની વ્યાપી ગઈ છે. સિતેર વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન હજારો ફિલ્મી ગીતો અને ભકિત ગીતો દ્વારા લોકોના હૃદયમાં સ્થાન મેળવનાર આ ગાયિકાના અનેક ચાહકો સાવરકુંડલામાં છે.

આ સમાચાર મળતા જ સાવરકુંડલાના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ ઊંડા આઘાતની લાગણી વ્યકત કરી છે. જેમાં : હરેશભાઈ મહેતા (પ્રમુખ, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર), ભરતભાઈ જોષી અને ગીતાબેન જોષી, ડો. પ્રકાશ કટારીયા (મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ), પૂ. ભકિતરામબાપુ (માનવમંદિર), મુકુંદભાઈ નાગ્રેચા (નૂતન કેળવણી મંડળ), દીપકભાઈ શેઠ અને વિનુભાઈ રાવળ બિપીનભાઈ પાંધી, કેયૂરભાઈ વ્યાસ, પ્રિયંકભાઈ પાંધી (આપડું કુંડલા પત્રકાર પાંધીસર ડીજીટલ ન્યૂઝ), હર્ષદભાઈ જોશી અને રમેશભાઈ હીરાણી, સંજયભાઈ મહેતા સમેત તમામ મહાનુભાવોએ આશાજીના પ્રદાનને યાદ કરી તેમને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

લીલીયા મોટા ખાતે મહાપ્રભુજીનો ૫૪૯મો પ્રાગટ્ય દિવસ ઉજવાયો

અમરેલી, તા. ૧૩

લીલીયા મોટા ખાતે આનંદ મંગલ સેવા સમિતિ દ્વારા અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરૂ વલ્લભાચાર્યજી (મહાપ્રભુજી)નો ૫૪૯માં પ્રાગટ્ય દિનની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ આ પ્રસંગે સવારના ૧૦ કલાકે નંદ મહોત્સવ બપોરના ૩ કલાકે વર્ણાવી સાંજના ૬ કલાકે ઉમિયા મંદિર ખાતે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ આ ઉત્સવમાં લીલીયા, ગોઢાવદર, પુંજાપાદર સહિતના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર આયોજન સફળ બનાવવા આનંદ મંગલ ઉત્સવ સેવા સમિતિના યુવાનોએ જહેમત ઉઠાવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

વિધર્મીઓનાં નાશ માટે ઝુંબેશ શરૂ હોવાનું કહ્યુ

ધારીનાં ધારાસભ્યનાં પત્ની કોકીલાબેન કાકડીયાની નિવેદનને લઈને થયો હોબાળો

જો કે બાદમાં મીડિયામાં ખુલાશો કરતા મામલો શાંત થયો

અમરેલી, તા. ૧૩

ધારી તાલુકામાં રાજકીય માહોલ ગરમાયો છે. જયાં ધારાસભ્ય જે.વી. કાકડીયાની પત્ની કોકિયલાબેન કાકડીયાના એક નિવેદનને લઈને ભારે વિવાદ સર્જાયો છે. ૧૧ એપ્રિલે ઉમેદવારી પત્ર રજુ કરતી વેળાએ કોકિયા કાકડીયાએ આપેલું નિવેદન સોશિયલ મીડિયામાં વાયરલ થતાં રાજકીય ચર્ચાનો કેન્દ્ર બની ગયું છે.

તેમણે વિધર્મીઓના નાશ માટે ભાજપ સરકાર અને સંગઠન દ્વારા ઝુંબેશ શરૂ કરાઈ હોવાનું જણાવ્યું હતું. જે નિવેદન બાદ વિરોધ પક્ષો અને સમાજના વિવિધ વર્ગોમાં પ્રતિક્રિયાઓ ઉઠી છે. આ સમગ્ર મામલે પક્ષ માટે પણ મુશ્કેલી ઉભી થઈ હોવાનું માનવામાં આવે છે.

બાદમાં તેઓએ જણાવ્યું હતું કે તેમના દ્વારા કરાયેલ 'વિધર્મી' શબ્દનો ઉપયોગ કોઈ પણ ધર્મ અથવા સમાજને નિશાન બનાવીને કરાયો નહોતો. તેમણે કહ્યું કે આ શબ્દનો સંદર્ભ દેશ બહારથી ગેરપ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વો માટે હતો. ''મેં એ રીતે કોઈ હિન્દુ–મુસ્લિમ મુદ્દો ઊભો કરવાનો પ્રયાસ કર્યો નથી. આપણા દેશમાં તમામ ધર્મના લોકો ભાઈચારાથી રહે છે,'' એમ તેમણે સ્પષ્ટ કહ્યું.

આગળ તેમણે ઉમેર્યું કે, '' મારા નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. દેશ બહારથી જે આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલે છે, તે અંગે મેં વાત કરી હતી. કોઈપણ રીતે સ્થાનિક સમાજ કે ધર્મવિશે વિવાદ ઊભો કરવાનો મારો ઈરાદો નહોતો.''

તેઓએ બંને હાથ જોડીને લોકો સમક્ષ અપીલ કરતા કહ્યું કે, ''હું આ મુદ્દે સંપૂર્ણ સ્પષ્ટતા આપું છું અને આશા રાખું છું કે વિસ્તારમાં શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહેશે.''

આ નિવેદન પછી રાજકીય અને સામાજિક સ્તરે ચાલી રહેલી ચર્ચા થોડે શાંત થવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકો અને આગેવાનો પણ આ મુદ્દે શાંતિ જાળવવાની અપીલ કરી રહ્યા છે.

ધારાસભ્ય કસવાલા આવ્યા જનતાની મદદે

સાવરકુંડલાની એરો ગેસ એજન્સીને અઠવાડીયામાં ગેસ સિલિન્ડરની હોમ ડિલીવરી કરવા તાકીદ

જનપ્રતિનિધિઓ જનતાની મદદ કરે તો કયાં પ્રશ્ન જ છે કાંઈ

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગેસ વિતરણ વ્યવસ્થા ખોરવાતા ગ્રાહકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ એરો ગેસ એજન્સીની ઓચિંતી મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન લોકોની લાંબી કતારો અને ગેસ બોટલ માટેની હેરાનગતિ નજરે જોતા ધારાસભ્યએ ગેસ ડિસ્ટ્રીબ્યુટરનો ઉધડો લીધો હતો.

તેમણે એજન્સી સંચાલકોને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી હતી કે, ''જો આગામી એક અઠવાડિયામાં ઘરે–ઘરે LPG બોટલની ડિલિવરી શરૂ કરવામાં નહીં આવે, તો સરકાર આ એજન્સીનો વહીવટ પોતાના હસ્તક લઈ લેશે.''

નોંધનીય છે કે આ પૂર્વે ગ્રાહક સુરક્ષા મંડળ, સાવરકુંડલા દ્વારા પણ સ્થળ પર જઈ લોકોની સમસ્યા જાણી મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ જનહિતના મુદ્દાને 'આપણું કુંડલા પત્રકાર પાંધીસર ડિજિટલ ન્યૂઝ' તથા 'નાવલી ન્યૂઝ' દ્વારા સતત પ્રસિદ્ધ કરવામાં આવતા તંત્ર અને લોકપ્રતિનિધિ જાગૃત થયા છે. હવે જોવાનું એ રહે છે કે એજન્સી નિર્ધારિત સમયમાં સુધારો કરે છે કે કેમ.

ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલની મુલાકાતે ગાયત્રી પરિવારનાં પુ. રતિદાદા



અમરેલી, તા. ૧૩

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબીના પ્રણેતા સદ્‌ગુરૂ દેવ નિર્દોષાનંદજી સરસ્વતીજી મહારાજ અને દાદાગુરૂ જગદીશ્વરમ સરસ્વતીજી મહારાજનું સાનિધ્ય સાંપડયુ છે. તેવા ગાયત્રી સંસ્કાર ધામ ચલાલાના સ્થાપક તેમજ અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓ સાથે બાળકોમા શિક્ષણ સાથે આધ્યાત્મક જ્ઞાન આપવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તેવા પરમવંદનીય રતિદાદાની મુલાકાત લઈને ટીંબી હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરાએ તેઓનું સદગુરૂ દેવ લીખીત પુસ્તક 'જીજ્ઞાસુ પિયુષ' શાલ અર્પણ કરીને સન્માનિત કરી આર્શીવાદ પ્રાપ્ત કર્યા હતા.

વિશાળ સંગઠન અને શાસનની શકિત સામે હરિફ પક્ષો મુશ્કેલીમાં

સ્થાનિક ચૂંટણીમાં કોંગ્રેસ અને "આપ"ને જરૂરી ઉમેદવારો પણ ન મળ્યા

જો કે ભાજપનું સંગઠન અને રાજકારણ "રાઉન્ડ ધ કલોક" હોવાથી હંમેશા તેમનો ઘોડો વિનમાં જ રહે

કોંગ્રેસ પક્ષ છેલ્લા ૩૦ વર્ષથી વિપક્ષમાં હોવાથી કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો અભાવ

આમ આદમી પાર્ટી રાડારાડ બહુ કરે પણ છેલ્લે તે પણ ઘુંટણીયે પડી જાય

જ્યાં સુધી પ્રધાનમંત્રીપદે નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી પદે અમિત શાહ છે ત્યાં સુધી ગુજરાતમાં વિપક્ષ હંમેશા વિપક્ષ રહેશે

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો અને અર્ધોડઝન પાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રક રજુ કરવાનો સમય પસાર થઈ ગયો હોય જેમાંતમામ ૪૦૮ બેઠકો ઉપર ભાજપને ઉમેદવારો મળી ગયા પરંતુ, હરિફ કોંગ્રેસ અને "આપ"ને પુરતાં ઉમેદવારો જ ન મળી શકયા અને ભાજપે ચૂંટણી પહેલા જ અનેક બેઠકો બિનહરિફ મેળવી લીધેલ છે.

ધારી પાલિકાની ૪ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર બિનહરિફ વિજેતા થયા છે તો જાફરાબાદ તાલુકા પંચાયતની વઢેરા બેઠક પણ ભાજપને બિનહરિફ મળી ચુકી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

શોભાયાત્રા, આતશબાજી, રોશીનનાં ઝગમગાટ વચ્ચે

અમરેલી જિલ્લામાં આજે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતીની કરાશે ઉજવણી

ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવશે

અમરેલી, તા. ૧૩

અમરેલી ખાતે આવતીકાલ મંગળવારે ભારતરત્ન અને બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતીની ભવ્યાતીભવ્ય ઉજવણી કરવામાં આવશે. સવારે ૯ કલાકે રેલી, સાંજે ૬ થી ૮ ભોજન સમારંભ અને રાત્રિના ૯ કલાકે ભીમ ડાયરા સહિતનાં કાર્યક્રમનું આયોજન જય ભીમ યુવક મંડળ, બહારપરા દ્વારા લક્ષ્મીનારાયણ મંદિર, સરમાળિયા ચોક, બહારપરા ખાતે રાખેલ છે.

ભારતીય બંધારણના ઘડવૈયા અને સંવિધાન દ્વારા ભારત દેશની રાષ્ટ્રીય એકતા અખંડીતતાના નિર્માતા, વર્ણ, વ્યવસ્થા, જાતીભેદનો

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)